


# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૩૫ તા.૨૨.૦૮.૨૦૨૪, ગુરુવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 35 Dt. 22-08-2024, Thursday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


**સુવિચાર**

મૌનના ફળરૂપે પ્રાર્થના,
પ્રાર્થનાનું ફળ શ્રદ્ધા,
શ્રદ્ધાનું ફળ પ્રેમ અને
પ્રેમનું ફળ સેવા

# ભારત બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ, બિહારમાં-રાજસ્થાનમાં વધુ અસર

**બિહારમાં ટ્રેનો રોકવામાં આવી રાજસ્થાન સહિતના રાજ્યોમા બંધની અસર જોવા મળી હતી મુઝફ્ફરપુરમાં ભીમ આર્મીના કાર્યકરોએ શહેરના ગોબરસાહી ચોકને અવરોધિત કર્યા અને રસ્તા પર વિરોધ કર્યો હતો.ઝારખંડ મુક્તિ મોરચા, કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ આ દેશવ્યાપી હડતાળને સમર્થન આપ્યું હતુ જો કે ગુજરાતમાં અસર જોવા ન મળી અનેક જગ્યાએ આવેદન અપાયા કેન્દ્ર સરકારે અગાઉ જ આ નિર્ણય અંગે સરકાર અમલવારી અંગે ન વિચારતી હોવાનો મત વ્યક્ત કરી ચુકી છે**





નવી દિલ્હી, તા.૨૧

અનામતમાં ક્રીમી લેયર લાગુ કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે બુધવારે ૧૪ કલાકના ભારત બંધનું એલાન આપવામા આવ્યુ હજુ જેની રાજસ્થાન,બિહાર ઓડીશા સહિત અનેક રાજ્યોમાં અસર જોવા મળી હતી નેશનલ કોન્ફેડરેશન ઓફ દલિત એન્ડ ટ્રાઈબલ ઓર્ગેનાઈઝેશન ના નેતૃત્વમાં વિરોધ પ્રદર્શનો થયા હતા. બંધની સૌથી વધુ અસર બિહારમાં જોવા મળી હતી. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં પ્રદર્શનકારીઓ રસ્તા પર આવીને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા રાજસ્થાનના જયપુરમાં સાવચેતીના પગલારૂપે શાળાઓ અને કોચિંગસેન્ટરો બંધ કરી દેવામાં આવ્યા હતા. નેશનલ કોન્ફેડરેશન ઓફ દલિત એન્ડ ટ્રાઈબલ ઓર્ગેનાઈઝેશન એ કોર્ટના સૂચનને દલિતો અને આદિવાસીઓના બંધારણીય અધિકારોની વિરુદ્ધ ગણાવ્યું છે. તેમજ તેને રદ કરવા કેન્દ્ર સરકાર પાસે માંગણી કરી હતી. ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ), કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ આ દેશવ્યાપી હડતાળને સમર્થન આપ્યું છે. જેએમએમએ તેના તમામ નેતાઓ, જિલ્લા પ્રમુખો, સચિવો અને જિલ્લા સંયોજકોને આ હડતાળમાં ભાગ લેવા જણાવ્યું છે. અનામતમાં ક્રીમી લેયર લાગુ કરવાના સુપ્રીમ કોર્ટની ૭ જજની બેન્ચના નિર્ણયના વિરોધમાં છે. સંગઠનનું કહેવું છે કે સુપ્રીમ કોર્ટનો તાજેતરનો નિર્ણય સીમાચિહ્નરૂપ ઈન્દિરા સાહની કેસમાં નવ ન્યાયાધીશોની બેન્ચના અગાઉના નિર્ણયને નબળો પાડે છે, જેણે ભારતમાં અનામત માટે માળખું સ્થાપિત કર્યું હતું. હાલના નિર્ણયથી એસસી-એસટીના બંધારણીય અધિકારો પર ખતરો છે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે (૧ ઓગસ્ટ) આ સંદર્ભમાં મોટો નિર્ણય સંભળાવ્યો હતો. રાજ્ય સરકારો હવે અનુસૂચિત જાતિ એટલે કે પેટાને અનામતમાં ક્વોટા આપી શકશે. કોર્ટે પોતાના જ ૨૦ વર્ષ જૂના નિર્ણયને પલટી નાખ્યો હતો. ત્યારે કોર્ટે કહ્યું હતું કે અનુસૂચિત જાતિઓ પોતાનામાં એક જૂથ છે, તેમાં સમાવિષ્ટ જાતિઓના આધારે વધુ વિભાજન કરી શકાય નહીં. કોર્ટે પોતાના નવા નિર્ણયમાં રાજ્યોને જરૂરી સૂચનાઓ પણ આપી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે રાજ્ય સરકારો મનસ્વી રીતે નિર્ણય લઈ શકે નહીં. આ નિર્ણય સુપ્રીમ કોર્ટ ના ૭ જજોની બંધારણીય બેંચનો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે અનુસૂચિત જાતિને તેમાં સમાવિષ્ટ જાતિઓના આધારે વિભાજીત કરવી બંધારણની કલમ ૩૪૧ની વિરુદ્ધ નથી. અનુસૂચિત જાતિ-જનજાતિ અનામતમાં ક્રીમી લેયર પર સુપ્રીમ કોર્ટના નિર્ણયના વિરોધમાં આજે ભારત બંધનું એલાન કરવામાં આવ્યું છે. કોંગ્રેસે પણ રાજસ્થાનમાં બંધને સમર્થન આપ્યું છે. જિલ્લા કલેક્ટરે રાજ્યના ૧૬ જિલ્લાની શાળાઓમાં રજા જાહેર કરી છે. ભારત બંધની મધ્યપ્રદેશમાં મિશ્ર અસર જોવા મળી રહી હતી. ગ્વાલિયરની ઘણી સ્કૂલોએ આજે રજા જાહેર કરી છે. ગ્વાલિયર કલેક્ટરે મંગળવાર રાતથી જ કલમ ૧૪૪ના આદેશનો અમલ કર્યો હતો.

ભોપાલ, ઈન્દોર અને ઉજ્જૈન સહિત અનેક જિલ્લાઓમાં સ્કૂલો ચાલુ છે. પાટનગર બિહારમાં બંધના સમર્થકો હિંસક બનતા તેમને કાબુમાં લેવા પોલીસે પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કર્યો છે. ભારત બંધના સમર્થકોની સરઘસ ગાંધી મેદાનથી આગળ વધી રહી હતી. દરમિયાન, જેપી ગોલમ્બર નજીક બેરીકેડિંગ કરવામાં આવ્યું હતું. પરંતુ બંધ સમર્થકોએ બેરીકેડિંગ તોડી નાખ્યું અને આગળ વધવાનું શરૂ કર્યું હતું. પોલીસે બેરીકેડિંગ બ્રેકિંગને રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ પ્રદર્શનકારીઓ આગળ વધ્યા અને ડાક બંગલા આંતરછેદ પર પહોંચ્યા. પરિસ્થિતિને કાબૂમાં રાખવા અને બંધ સમર્થકોને આગળ વધતા અટકાવવા પોલીસે લાઠીચાર્જ કર્યો હતો.

હકીકતમાં, ભારત બંધની સૌથી મોટી અસર બિહારમાં આરક્ષણ સેવ સંઘર્ષ સમિતિ અને વિવિધ સંસ્થાઓ દ્વારા જોવા મળી રહી છે. રાજસ્થાન ના અજમેરમાં ભારત બંધની અસર સ્પષ્ટપણે જોવા મળી હતી અને અહીંના રસ્તાઓ સુમસામ બન્યા હતા અને બજારો બંધ રહી હતી ભરતપુર વિભાગના ૪ જિલ્લાઓ ભરતપુર, કરૌલી,સવાઈમાધોપુરઅનેડીગ-કુમ્હેર માં નેટ બંધ કરવામાં આવ્યું હતુ.

## ગુજરાતમાં મિશ્ર પ્રતિસાદ

સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં એસસી-એસટી અનામતના સંદર્ભમાં પેટા જાતિના વર્ગીકરણ તેમજ ક્રિમી લેયરના મુદ્દે સર્વે માટેનો ચુકાદો અપાયો હતો. આ ચુકાદાની સામે વિરોધ દર્શાવવા સમસ્ત એસ.સી.-એસ.ટી. સમાજ દ્વારા ૨૧ ઓગસ્ટે ભારત બંધનું એલાન અપાયું હતુ. ત્યારે આ રાષ્ટ્ર વ્યાપી બંધની પગલે ગુજરાતમા મોટી અસર જોવા મળી ન હતી અને ગુજરાતમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો વિજયનગર, ભિલોડા અને દાંતામાં સ્વયંભૂ બજારો બંધ જોવા મળી હતી, જ્યારે અમુક આદીવાસી વિસ્તારોમાં બજારો ખુલ્લી જોવા મળી હતી. ભારત બંધના એલાન ગુજરાતમાં મોટાભાગે આદીવાસી વર્ચસ્વ ધરાવતા વિસ્તારોમાં સમર્થન મળી રહ્યું છે. ગુજરાતના દાહોદ, પંચમહાલ, સાબરકાંઠા, દાંતા, અરવલ્લી, નર્મદા, નવસારી, છોટા ઉદેપુર સહિતના જીલ્લાઓ જોડાયા છે. ગુજરાતના હડાદ, દાંતા, મંડાલી, ઈડર, ઉમરપાડા, સાબરકાંઠા,વ્યારા, સોનગઢ, ઉમરપાડા, વિજયનગર સહિત નર્મદા જિલ્લામાં બંધની અસર જોવા મળી હતી. કેટલીક જગ્યાએ બંધના પોસ્ટર લાગ્યા હતા તો કેટલીક જગ્યાએ રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ. ભારત બંધના પગલે પોલીસ પણ એલર્ટ જોવા મળી હતી અને સંવેદનશીલ વિસ્તારોમાં ચાંપ તો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો આદીવાસી જિલ્લાઓમાં પોલીસ પેટ્રોલિંગ કરી કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે, શાંતિનો ભંગ ન થાય તે માટે પોલીસ સતર્ક બની હતી જો કે ગુજરાતના અનેક જીલ્લામાં અનુસુચિત જાતી સંગઠનોએ આવેદનપત્ર આપી કાયદો રદ કરવાની માંગ કરી હતી

## પાકિસ્તાનમાં બાંગ્લાદેશવાળી: સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસનું માથું વાઢનારને એક કરોડનું ઈનામ

પાકિસ્તાનમાં બાંગ્લાદેશવાળી થઈ છે. કટ્ટરપંથીઓની જમાત રસ્તા પર ઉતરી આવી છે અને રાજધાની ઈસ્લામાબાદમાં કટ્ટરપંથીઓના સેકંડો ના ટોળાએ સુપ્રીમ કોર્ટ પર હુમલો કર્યો છે. કટ્ટરપંથીઓએ સુપ્રીમ કોર્ટ ના ચીફ જસ્ટિસનું માથુ વાઢનારને એક કરોડ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. કટ્ટર પંથીઓ પાકિસ્તાનના ચીફ જસ્ટિસ કાઝી ફૈઝ ઈસાના ઈશનિંદા સંબંધિત નિર્ણય પર નારાજ હતા. તેમણે ધર્મ અધિકાર અધિનિયમ હેઠળ ઈશનિંદાના આરોપ માંથી એક અહમદિયા વ્યક્તિને નિર્દોષ જાહેર કર્યો હતો. હદ તો ત્યારે થઈ કે જ્યારે કટ્ટરપંથી જૂથના નેતાએ પાકિસ્તાનમાં ચીફ જસ્ટિસના માથે ૧ કરોડનું ઈનામ જાહેર કરી દીધું. પાકિસ્તાની અખબાર ડોન અનુસાર, સુપ્રીમ કોર્ટના નિર્ણય વિરુદ્ધ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ આલમી મજલિસ તહાફુઝ-એ-નબુવત કરી રહ્યું હતું. આમાં જમાત-એ-ઈસ્લામી અને જમિયત ઉલેમા-એ-ઈસ્લામના નેતાઓ પણ તેમને સમર્થન આપી રહ્યા હતા. તેઓ પાકિસ્તાનના ચીફ જસ્ટિસના રાજીનામાની માગ કરી રહ્યા હતા. તેમની એ પણ માગ હતી કે કોર્ટ પોતાનો નિર્ણય પલટી નાખે. હજારો પ્રદર્શનકારીઓએ સુપ્રીમ કોર્ટની બહાર સુરક્ષા કોર્ડન તોડી નાખ્યું હતું. તેઓ બિલ્ડિંગ પાસે પહોંચ્યા. તેમને કોર્ટમાં પ્રવેશતા રોકવા માટે પોલીસે વોટર કેનન, ટીયરગેસ અને લાઠીચાર્જનો આશરો લીધો હતો. હવે વિરોધનું નેતૃત્વ કરી રહેલા સંગઠન આલમી મજલિસે હવે સુપ્રીમ કોર્ટને તેના નિર્ણયની સમીક્ષા કરવા માટે ૭ સપ્ટેમ્બર સુધીનો સમય આપ્યો છે.

## સુપ્રીમે બંગાળમાં ૭૭ જાતિઓને ઓબીસીમાં સામેલ કરવાના કેસની સુનાવણી કરવાનો ઈનકાર કયા

સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળમાં ૭૭ જાતિઓને ઓબીસીમાં સામેલ કરવાના કેસની સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો હતો. આ સાથે જ કોર્ટે આ મામલે મુખ્યમંત્રી મમતા બેનર્જીની અરજી પર સુનાવણી માટે આગામી તારીખ ૨૭ ઓગસ્ટ નક્કી કરી છે. આ પહેલા કોલકાતા હાઈકોર્ટે મમતા સરકારના નિર્ણય પર રોક લગાવી દીધી હતી. પશ્ચિમ બંગાળ સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ પાસે આ કેસની વહેલી સુનાવણીની માંગ કરી છે. પશ્ચિમ બંગાળ સરકાર તરફથી હાજર રહેલા એડવોકેટ સિબ્બલે કહ્યું કે આ મામલે આજે સુનાવણી થવી જોઈએ, અમારે પેન્ડિંગ સ્કોલરશિપ પર સ્ટે મુકવો જોઈએ. દ્વઈઈ પરીક્ષાઓ આનાથી પ્રભાવિત થશે. છેલ્લી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટના આદેશ પર સ્ટે આપવાનો ઈક્રાર કરી દીધો હતો. પશ્ચિમ બંગાળમાં ૭૭ જાતિઓને ઓબીસી માં સામેલ કરવાના મામલે તેની છેલ્લી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે મમતા સરકારને નોટિસ મોકલી હતી. કોર્ટે કહ્યું હતું કે શા માટે ૭૭ જાતિઓને ઓબીસી યાદીમાં સામેલ કરવામાં આવી? રાજ્ય સરકારે આ જાતિઓના સામાજિક અને આર્થિક પછાતતા વિશે માહિતી આપવી જોઈએ.

## ભારત સરકારે ગુજરાતને ૬૨.૬૦ લાખ મેટ્રીક ટન ખાતરનો જથ્થો ફાળવ્યો

વિધાનસભા ગૃહ ખાતે ગુજરાતમાં ખાતરની ઉપલબ્ધતા અંગે ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ખાતરનો પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યમાં ક્યાંય પણ ખાતરની અછત ન સર્જાય તે માટે ભારત સરકારે ગુજરાતને વધુ ખાતરનો જથ્થો પૂરો પાડ્યો છે. છેલ્લા એક વર્ષમાં ભારત સરકાર સમક્ષ યુરિયા ડી.એ.પી અને અન્ય ખાતર મળીને કુલ ૫૯.૮૨ લાખ મેટ્રિક ટન જથ્થાની માંગણી કરી હતી. જેની સામે ગુજરાતને માંગણી કરતા વધુ આશરે ૬૨.૬૦ લાખ મેટ્રિક ટન જથ્થો ફાળવવામાં આવ્યો છે. કૃષિ મંત્રીએ પૂરક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, યુરિયા ખાતર સાથે અન્ય વસ્તુઓ ખરીદવાની કોઈપણ પ્રકારની ફરજ પાડવામાં ન આવે તે માટે રાસાયણિક ખાતર વિક્રેતાના વેચાણ કેન્દ્રો પર સતત તકેદારી રાખવામાં આવી રહી છે.તેમ છતાં રાજ્યમાં આવી ઘટના ધ્યાને આવશે, તો રાજ્ય સરકાર વિક્રેતા અને કંપનીનું લાયસન્સ રદ કરવા સહિતના કડક પગલા લેશે. ખેડૂતોને સરળતાથી ખાતર મળી રહે તે માટે ગુજકો માસોલ અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ જેવી ૧૭ જેટલી સરકાર માન્ય ખાતર વિતરક સંસ્થાઓ, ૮૫૦થી વધુ હોલસેલર વિક્રેતા તથા અન્ય મળીને કુલ ૯ હજારથી વધુ સહકારી મંડળીઓ તથા ખાનગી ખાતર વિક્રેતાઓ દ્વારા ખાતરનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. ગુજરાત નીમ કોટેડ યુરિયાના ઉત્પાદન બાબતે દેશનું એક અગ્રણી રાજ્ય છે.

## દુનિયાભરમાં ૨૪ લોકોને જ છે એવી બિમારીનો કેસ મેઘાલયમાં નોંધાયો

**૧૪ વર્ષ બાદ ફરી પોલિયોનો મામલો સામે આવ્યો : બાળકમાં પોલિયોમેલિટિસના લક્ષણો જોવા મળ્યા : નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે જોખમી**

નવી દિલ્હી, તા.૨૧

મેઘાલયમાં બે વર્ષના બાળકમાં પોલિયોની પુષ્ટિ થયા બાદ આરોગ્ય વિભાગ હાઈ એલર્ટ પર છે. ૨૦૧૧ પછી દેશમાં પોલિયોનો એક પણ કેસ નોંધાયો નથી. આથી WHOએ ૨૦૧૪માં ભારતને પોલિયો મુક્ત દેશ જાહેર કર્યો હતો. પરંતુ ૧૪ વર્ષ બાદ ફરી પોલિયોનો મામલો સામે આવ્યો છે, જેના કારણે દેશભરમાં ચિંતા વધી ગઈ છે. પોલિયો એ એક વાયરસ છે જે બાળકોનમાં ગંભીર વિકલાંગતાનું કારણ બની શકે છે. તેનો કોઈ ઈલાજ નથી, તેથી આ રોગને રોકવા માટે રસીકરણ એ જ સૌથી અસરકારક ઉપાય છે.

મેઘાલયના પશ્ચિમ ગારો હિલ્સ જિલ્લાના ટીકરીકિલા ગામમાં પોલિયોનો કેસ નોંધાયો હતો. બે વર્ષના બાળકમાં પોલિયોના લક્ષણો જોવા મળ્યા છે. હાલ બાળકની આસામના ગોલપારા જિલ્લાની હોસ્પિટલમાં એક્યુટ ફ્લેક્સિડ પેરા લિસિસની સારવાર ચાલી રહી છે.

કેન્દ્રના અધિકારીના જણાવ્યા અનુસાર, આ ચેપ એવા લોકોમાં થાય છે, જેમની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે. મેઘાલયના સીએમ કોનરાડ કે સંગમાએ જણાવ્યું હતું કે બાળકમાં એક અઠવાડિયા કરતાં વધુ સમય પહેલા પોલિયોમેલિટિસના લક્ષણો જોવા મળ્યા હતા. આથી બાળકના મળ અને અન્ય સેમ્પલ લેવામાં આવ્યા છે. જેને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) ના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજી (NIV) ના કેન્દ્રોમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે.

આબાબતેસીએમએરાજધાનીશિલોંગ માં પત્રકારોને કહ્યું કે મામલો ગંભીર છે. આથી સરકાર તેની સમીક્ષા કરી રહી છે. ઓરલ પોલિયો રસી (OVP) ઘણી ઓછી માત્રામાં વાયરસ હોય છે. જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવા પર કામ કરે છે.

જો રોગપ્રતિકારક શક્તિ નબળી હોય તો રસી આપ્યા બાદ તેની અસર લાંબા સમય સુધી રહી શકે છે. આથી જેટલા લાંબા સમય સુધી તે શરીરમાં રહેશે તેટલી વધુ તે નુકસાન પહોંચાડશે. અમુક કેસમાં તે લકવાનું કારણ પણ બની શકે છે. WHO અનુસાર આ સર્ક્યુલેટિંગ વેક્સીન ડિરાઈવ્ડ પોલિયો વાયરસ (Circulating vaccine derived poliovirus) છે. ૨૦૦૦ થી ૩ અબજ બાળકોને ૧૦ બિલિયનથી વધુ OPV ડોઝ આપવામાં આવ્યા છે. ત્યારે હવે ભારતમાં જે નવો કેસ સામે આવ્યો છે તેવા ૨૪ કેસ ૨૧ દેશોમાં નોંધાયા છે.

## વડાપ્રધાન મોદી પોલેન્ડ પહોંચ્યા





વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨ દિવસની પોલેન્ડ મુલાકાતે પહોંચ્યા હતા.હોટલ પહોંચતા જ ભારતીય સમુદાયના લોકોએ તેમનું સ્વાગત કર્યું હતુ. મુલાકાત દરમિયાન તેઓ બાળકોને મળ્યા હતા ગુજરાતી નાચગાન સાથે તેનુ સ્વાગત કરાયુ હતુ ૪૫ વર્ષમાં કોઈપણ ભારતીય વડાપ્રધાનની પ્રથમ પોલેન્ડ મુલાકાત છે.આ પહેલા એરપોર્ટ પર પોલેન્ડના જવાબદારોએ તેમનુ સ્વાગત કર્યુ હતુ વડાપ્રધાન અનેક મુદ્દે પોલેન્ડ સાથે વાટાઘાટ કરશે, મોરારજી દેસાઈ છેલ્લા વડાપ્રધાન હતા પોલેન્ડ મુલાકાત કરનાર વધુ અહેવાલ અંદરના પાને....

## ભારત પુરાવા આપે તો ઝાકીર નાઈકને સોંપીશું

નવી દિલ્હી, તા.૨૧

મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમ હાલ ભારતની મુલાકાતે છે. તેમણે મુલાકાત દરમ્યાન ઝાકીર નાઈકના પ્રત્યાર્પણ પર પહેલીવાર નિવેદન આપ્યું છે. એક નિવેદનમા તેણે જણાવ્યુ હતુ કે જો પૂરતા પુરાવા રજૂ કરવામાં આવશે તો તેઓ ઝાકિર નાઈક વિરુદ્ધ કાર્યવાહી કરવા પર વિચાર કરી શકે છે. મલેશિયન વડાપ્રધાને આ સાથે લઘુમતીઓનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે ભારત સરકારને 'કેટલાક ગંભીર મુદ્દાઓ'નો સામનો કરવો પડે છે જેમાં એક મુદ્દો લઘુમતીઓ અને તેની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો પણ છે.અત્યાર સુધી ભારતે ઝાકીર નાઈકનો મામલો ઉઠાવ્યો નથી. વડાપ્રધાન મોદીએ ઘણા વર્ષો પહેલાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. જો કે, આ કોઈ એક વ્યક્તિ માટે નહોતો પણ આતંકવાદ માટે હતો.દિલ્હીમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ વર્લ્ડ અફેર્સના એક કાર્યક્રમમાં તેણે આ નિવેદન આપ્યુ હતુ.

## ગુજરાત સહિત નવ રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદનું ઍલર્ટ જાહેર

નવીદિલ્હી,તા.૨૧

ભારતીય હવામાન વિભાગે ગુજરાત સહિત નવ રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદનું ઍલર્ટ જાહેર કર્યું છે. આઈએમડીના જણાવ્યા મુજબ ગુજરાત, રાજસ્થાન, મિઝોરમ, નાગાલેન્ડ, ત્રિપુરા, મણિપુર, કેરળ, આસામ અને મેઘાલયમાં સામાન્યથી ભારે વરસાદ પડવાની સંભાવના છે. હવામાન વિભાગે આ રાજ્યો માટે ઍલર્ટ જાહેર કર્યું છે.

આગાહી મુજબ અમદાવાદ, ગાંધીનગરમાં હળવો વરસાદ પડી શકે છે. મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં હળવો વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાત અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં ૨૨થી ૩૦ ઑગસ્ટ દરમિયાન અતિભારે વરસાદ થવાની સંભાવના છે.

બંગાળના ઉપસાગરની સિસ્ટમના તેમજ અરબી સમુદ્ર સિસ્ટમના કારણે આ સમયગાળામાં અતિભારે વરસાદ પડી શકે છે. જ્યારે હિમાચલ પ્રદેશમાં ૨૧થી ૨૬ ઑગસ્ટ દરમિયાન, ઉત્તરા ખંડમાં ૨૬ ઑગસ્ટ સુધીમાં, ઉત્તર પ્રદેશમાં ૨૪ ઑગસ્ટ સુધી જુદા જુદા વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જ્યારે મધ્યપ્રદેશમાં ૨૬ ઑગસ્ટ સુધી, મહારાષ્ટ્રમાં ૨૧-૨૬ ઑગસ્ટ વચ્ચે, છત્તીસગઢમાં ૨૪ ઑગસ્ટ સુધી, ગોવામાં ૨૬ ઑગસ્ટ સુધી વરસાદ પડવાની સંભાવના છે.

રાજસ્થાનની વાત કરીએ તો અહીં જયપુર સહિત અનેક જિલ્લામાં ભારે વરસાદ નોંધાયો છે. સૌથી વધુ જયપુરમાં ૮૫ મિલીમીટર, ધૌલપુર ના રાજાખેડામાં ૭૮, ઝાલાવાડના ગંગધારમાં ૬૫ મીમી વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવવાની સમસ્યાના પણ અહેવાલો સામે આવ્યા છે. હવામાન વિભાગે ભારે વરસાદની આગાહી કર્યા બાદ દક્ષિણ ત્રિપુરામાં રેડ ઍલર્ટ અને સાત જિલ્લામાં ઑરેન્જ ઍલર્ટ જાહેર કરાયું છે.

## હવે ગુજરાતમાં અંધશ્રદ્ધા નહી ચાલે.....

**ગુજરાત વિધાનસભાના ત્રિદિવસીય ચોમાસું સત્રના પ્રારંભે અંધશ્રદ્ધા વિરોધી બિલ રજૂ કરાયુ હતુ.ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ બિલ રજૂ કર્યું હતું, જેમાં અંધશ્રદ્ધાનું આચરણ કરનારા, કરાવનારા અને દુષ્પ્રેરણા આપનાર માટે ૬ માસથી ૭ વર્ષ સુધીની કેદ, ૫ હજારથી ૫૦ હજાર સુધીનો દંડની જોગવાઈ સજાની જોગવાઈ કરવામાં આવી છે**

મુંબઇ,તા.૨૦

ગુજરાતમાં બનેલી કેટલીક હૃદય કંપાવી દેતી ઘટનાઓ બાદ ગુજરાતમાં અંધશ્રદ્ધા સામે સરકારે કડક કાયદો બનાવવા નિર્ણય કર્યો હતો રાજ્યના ગૃહમંત્રીએ આજે બિલ રજુ કરવા સાથે ગુજરાતમા બનેલી કેટલીક ઘટનાઓનો ઉલ્લેખ કર્યો હતો.જેમા બનાસકાંઠા જિલ્લાના એક ગામમાં નરબલી આપવા થી પોતાના લગ્ન થઈ જશે એવો વહેમ રાખી માસુમ બાળકની હત્યા કરી નાંખવામાં આવી હતી સાથે, ગીર સોમનાથ જિલ્લામાં પોતાની ૧૪ વર્ષની દીકરીને કોઈ વળગાડ છે તેવી મનમાં શંકા રાખી આ વળગાડ દૂર કરવા પોતાના ખેતરમાં દીકરીને બે કલાક આગ પાસે ઉભી રાખી, બાદમાં દાઝેલી દીકરીને ચાર-પાંચ દિવસ સુધી ખેતરમાં જ ભુખ્યા બાંધીને રાખી મોત નિપજાવવામાં આવ્યું હતુ અરવલ્લી-સુરતમા પણ આવીજ ઘટના બની હતી ત્યારે હવે ગુજરાતમાં આવી પ્રવૃતિ સામે સરકારે કડક કાયદો બનાવતુ બીલ રજુ કર્યુ છે. અંધશ્રદ્ધાનું આચરણ કરનાર કે કરાવનારને જામીન નહીં મળવાની સાથે ૬ માસથી ૭ વર્ષ સુધીની કેદ, ૫ હજારથી ૫૦ હજાર સુધીના દંડની જોગવાઈ છે. જો કે, આસામ, કર્ણાટક, છત્તીસગઢ, ઓડિશા, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં અંધશ્રદ્ધા નિર્મૂલન સંબંધિત કાયદાના અમલ પછી ગુજરાત માં આ પ્રકારનો કાયદો અમલમાં આવતાં તે ૭મું રાજ્ય બન્યુ છે. અંધશ્રદ્ધા વિરોધી બિલને લઈને ગૃહરાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, 'ભારતમાં જ ખાલી કાળા જાદુની પ્રથા લાગુ નથી, પરંતુ પશ્ચિમી દેશોમાં પણ આ પ્રકારની પ્રથા જોવા મળે છે. જો કે, દરેક જગ્યાએ કાળા જાદુને રોકવા માટે અલગ કાયદાઓ લાગુ કરવામાં આવ્યાં છે. આઝાદીનાં ૭૮ વર્ષ પછી પણ અંધશ્રદ્ધાની ઘટના બને છે, તે રોકવી જરૂરી છે. વિધાનસભામાં લાગુ કરાયેલા અંધશ્રદ્ધા વિરોધી બિલમાં લોકોની આસ્થા અને માન્યાતને ઠેસ ન પહોંચે તેનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.' ગૃહમાં ગેરહાજર અને વિદેશમાં રહેતા શિક્ષકો સહિત ચાંદીપુરા વાયરસનો મુદ્દો ગુંજ્યો હતો. સત્ર શરૂ થયા પહેલા કોંગ્રેસે વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ દરમિયાન 'બંધ કરો ભાઈ બંધ કરો લોકશાહીની હત્યા બંધ કરો' ના સૂત્રોચ્ચાર કર્યા હતા. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે સવાર કર્યો હતો કે, શાળામાં શિક્ષકો ગેરહાજર રહે છે અને એ બાબતે સરકારની કાર્યવાહી શું છે? કુલ ૧૭૬ શિક્ષકો વિદેશ ચાલ્યા ગયા છે. ગણિત અને વિજ્ઞાન વિષયના શિક્ષકો સૌથી વધારે ગેરહાજર છે. તે ઉપરાંત ગુજરાતમાં થયેલી દુર્ઘટના ઓ મુદ્દે કોંગ્રેસના ધારાસભ્યોએ ગૃહમાં સુત્રોચ્ચાર કર્યા હતાં. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારના સવાલનો જવાબ આપતા શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોરે કહ્યું હતું કે, શાળામાં શિક્ષકોની ઘટની બાબત દર વખતે ભરતી કેમ્પમાં ધ્યાન પર આવતી હોય છે. કુલ ૧૭૬ શિક્ષકો શાળામાં હાજર નથી. કુલ ૧૩૪ શિક્ષકો ગેરહાજર છે અને એ તમામ ૧૩૪ શિક્ષકો સામે કાર્યવાહી કરી છે. કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે ગૃહમાં કહ્યું હતું કે, ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો વિદેશ પ્રવાસે છે એ કહેવું ખોટું ગણાશે. આ દરમિયાન અધ્યક્ષે કહ્યું હતું કે,જ્યારે ગૃહમાં સવાલ કરવામાં આવે ત્યારે પૂરતા પુરાવા સાથે સવાલ હોવા જોઈએ.

## સોનાએ લગાવી મોટી છલાંગ, એક દિવસમાં તોડ્યો મહિનાનો રેકોર્ડ

નવી દિલ્હી, તા.૨૧

નાણા પ્રધાન નિર્મલા સીતારમણના બજેટ ૨૦૨૪ રજૂ થયા પછી સોના અને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો થયો હતો. જેના કારણે સોનું ખરીદવા માંગતા લોકોને લાગ્યું હતું કે હવે ગોલ્ડ ખરીદવાનો યોગ્ય સમય છે. પરંતુ થોડા દિવસો બાદ સોનાએ ફરી લાંબી છલાંગ લગાવી હતી. મંગળવારે સોનાએ રેકોર્ડબ્રેક ઉછાળો માર્યો હતો અને એક જ દિવસમાં ૧૪૦૦ રૂપિયા નો વધારો થયો હતો. સોનામાં એક મહિનામાં સૌથી વધુ વધારો નોંધાયો છે. ચાંદીના ભાવમાં પણ ૩૧૦૦ રૂપિયા નો જંગી વધારો નોંધાયો છે. વૈશ્વિક માંગને કારણે મંગળવારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના બુલિયન માર્કેટમાં સોનાની કિંમત ૧૪૦૦ રૂપિયા વધીને ૭૪,૧૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગઈ છે. શુક્રવારે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં સોનું ૭૨,૭૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું. ચાંદીનો ભાવ પણ ૩,૧૫૦ વધીને ૮૭,૧૫૦ રૂપિયા પ્રતિ કિલોએ બંધ રહ્યો હતો, જ્યારે તેનો અગાઉનો બંધ ભાવ ૮૪,૦૦૦ પ્રતિ કિલો હતો. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટ માં નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા સોના પરની આયાત ડ્યૂટી ઘટાડવાની જાહેરાત બાદ ગોલ્ડની કિંમતો સતત ઘટી રહી હતી. ૨૩ જૂલાઈએ સોનાની કિંમત ૩,૩૫૦ રૂપિયા ઘટીને ૭૨,૩૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ હતી. દરમિયાન દિલ્હીમાં, ૯૯.૯ ટકા અને ૯૯.૫ ટકા શુદ્ધતાનું સોનું તેના અગાઉના બંધ ભાવની સરખામણીએ ૧,૪૦૦ રૂપિયા વધીને ૭૪,૧૫૦ અને ૭૩,૮૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું. સ્થાનિક જ્વેલર્સની વધતી માંગ સાથે વૈશ્વિક મજબૂત વલણને કારણે સોનાના ભાવમાં વધારો થવાનું કારણ વેપારીઓએ જણાવ્યું હતું. વૈશ્વિક સ્તરે સોનું ૧૮.૮૦ ડોલર પ્રતિ ઔંસ વધીને ૨,૫૬૦.૧૦ ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ કરી રહ્યું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદીની કિંમત પણ વધીને ૩૦.૧૯ ડોલર પ્રતિ ઔંસ થઈ ગઈ છે.

ન્યૂઝ ફોર કચ્છ 'વાત કચ્છીયતની'
ન્યૂઝ ફોર કચ્છ દૈનિક
THURSDAY 22-08-2024

## આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જોહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે, દરેક ક્ષણને માણો. જેમની સાથે તમારો સમય ખરાબ થાય છે તેમની સાથે સંપર્ક વધારવા નું ટાળો. આજે તમારા અને તમારા જીવનસાથી વચ્ચેનો ઝઘડો અટકી શકે છે કેમ કે કોઈ સુંદર યાદ તેમાં નિમિત્ત બનશે. આથી, ભારે હોલાચાલી થાય ત્યારે જૂના યાદગાર દિવસોની યાદ તાજી કરવાનું ચૂકતા નહીં.

**વૃષભ :**
આજના દિવસે આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો. હિંમતભર્યા નિર્ણયો તથા પગલાં હકારાત્મક પરિણામો લાવશે. મફત સમય નો સંપૂર્ણ આનંદ માણવા માટે, તમારે લોકો થી દૂર થવું જોઈએ અને તમારું મનપસંદ કાર્ય કરવું જોઈએ. આ કરવા થી તમને સકારાત્મક પરિવર્તન પણ મળશે. આજે તમે તમારા જીવનસાથી સાથે તમારા જીવનનો શ્રેષ્ઠતમ દિવસ વિતાવશો.

**મિથુન :**
આજના દિવસે માનસિક ભય તમને હતોત્સાહ કરી શકે છે. હકારાત્મક રીતે વિચારવું તથા ઉજળી બાજુ તરફ જોવું એ આ ભયને કિનારે રાખશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. આજે રૉમેન્ટિક લાગણીનો એવો જ બદલો મળશે. આજે તમારું મન ઓફીસ ના કામ માં નહિ લાગે? આજ તમારા મન માં કોઈ દુવિધા હશે જે તમને એકાગ્ર નહિ થવા દે. સંવાદ સાધવાની તમારી રીત તથા કામ કરવાનું કૌશલ્ય પ્રભાવિત કરનારા રહેશે. તમે તમારા જીવનસાથી સાથે આજે ફરી જૂના સુંદર અને રોમેન્ટિક દિવસોને માણશો.

**કર્ક :**
આજના દિવસે તમારામાંની ઉચ્ચ ઊર્જાને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો. તેમનું વેવિશાળ થયું છે તેવા લોકોને પોતાના ભાવિ જીવનસાથીમાં અદભુત ખુશીનું સ્રોત દેખાશે. કારકિર્દીના સારી તક માટે કરાયેલી મુસાફરી કદાચ સાકાર થશે. આવું કરવા પૂર્વે તમારા માતા-પિતાની પરવાનગી લેજો, અન્યથા તેઓ પછીથી આ બાબતને વિરોધ કરી શકે છે. તમારાં જમા પાસાં તથા ભાવિ યોજનાઓનું પુનરાવલોકન કરવાનો સમય. આજની સાંજ તમારા જીવનસાથી સાથે તમારા જીવનની સૌથી યાદગાર સાંજ બની રહેશે.

**સિંહ :**
આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. પરિસ્થિતિ અંકુશમાં રાખવા માટે તમારા ભાઈને મદદ કરો. વિવાદને કારણ વગર વધારશો નહીં એના કરતાં શાંતિપૂર્વક તેને ઉકેલવાનો પ્રયાસ કરજો. આજે તમારા મધુર પ્રેમ જીવનમાં તમને અદભુતતાનો સ્વાદ માણવા મળશે. તમારી જાતને છેતરપિંડીથી બચાવવા માટે બિઝનેસ પર ચાંપતી નજર રાખો. તમે તમારા મનપસંદ કાર્ય ને ફ્રી ટાઈમ માં કરવા નું પસંદ કરો છો, આજે પણ તમે કંઈક એવું જ કરવા નું વિચારશો, પરંતુ કોઈ વ્યક્તિ ના ઘરે આવવા ના કારણે આ યોજના બગડી શકે છે. આજે તમે તમારા જીવનસાથી સાથે ખરેખર કશુંક ઉત્સાહજનક કરવાના છો.

**કન્યા :**
આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તમે તમારા પ્રિયપાત્રને મળશો તેનાથી તમારા મગજને રૉમાન્સ ઘેરી વળશે. કેટલાક માટે વ્યાવસાયિક ચડતી. તમારે તમારા ઘર ના નાના સભ્યો સાથે સમય પસાર કરવા નું શીખવું જોઈએ. જો તમે આ ન કરો, તો પછી તમે ઘરે સદ્ભાવના બનાવી શકશો નહીં. તમારા લગ્નજીવનના આનંદ માટે આજે તમને એક અદભુત સરપ્રાઈઝ મળવાની શક્યતા છે.

**તુલા :**
આજના દિવસે વધુ પડતી કેલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. કોઈપણ અનુભવી માણસ ની સલાહ વગર આજે એવું કોઈપણ કામ ના કરો જેથી તમને નાણાકીય નુકસાન થાય.નવી બાબત પર ધ્યાન કેન્દ્રિત કરો અને તમારા ખાસ મિત્રની મદદ લો. આજે તમે ડેટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો. કેટલાક માટે વ્યાવસાયિક ચડતી. તમારો સ્પર્ધાત્મક સ્વભાવ તમે જે પણ સ્પર્ધામાં ભાગ લેશો તેમાં તમને જીતવામાં મદદરૂપ થશે. આજે તમને તમારી જીવનસંગિની સાથે વીતાવવા માટે પૂરતો સંમય મળશે, પણ સ્વાસ્થ્ય પર અસર પડી શકે છે.

**વૃશ્ચિક :**
આજના દિવસે જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે. કોઈ કાયર્યમાં માસ્ટરી હાંસલ કરનારી વ્યક્તિનું નિરીક્ષણ કરી તમે કેટલાક પાઠ સીખી શકો છો. આ બાબત તમારા આત્મવિશ્વાસને દૃઢ બનાવવામાંઅત્યંત મદદરૂપ થઈ શકે છે. આજે રૉમાન્?સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે.

**ધન :**
આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? જો તમે દરેકની માગનું ધ્યાન રાખવા જસો તો તમે આજે અનેક વિવધ દિશાઓમાં વહેંચાયેલા રહેશો. તમારા પ્રેમી-પ્રેમિકા દ્વારા કરવામાં આવતી ટિપ્પણીઓ અંગે તમે ખૂબ જ સંવેદનશીલ હશો-તમારે તમારી લાગણીઓ પર અંકુશ રાખવો અને પરિસ્થિતિને વધુ બગાડે એવું કંઈપ કરવાનું ટાળવું જોઈએ. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી. આ રાશિ ના લોકોએ આજે મફત સમય માં આધ્યાત્મિક પુસ્તકો નો અભ્યાસ કરવો જોઈએ.

**મકર :**
આજના દિવસે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો? બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે. આજે તમારા પ્રિયપાત્રને કોઈ પ્રેમભરી વાત ન કરતા. કામના સ્થળે, તમે સારૂં પરિવર્તન અનુભવશો. તમારું કુટુંબ આજે તમારી સાથે ઘણી સમસ્યાઓ શેર કરશે, પરંતુ તમે તમારી પોતાની ધૂન માં મસ્ત હશો અને તમારા મફત સમય માં તમે કંઈક એવું કરવા માંગતા હશો જે તમને ગમે છે.

**કુંભ :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારા માતા-પિતાને ખુશ કરવામાં તમને મુશ્કેલી પડશે. હકારાત્મક પરિણામ આપવા માટે સમજવાનો પ્રયાસ કરો તથા પરિસ્થિતિને તેમના દૃષ્ટિકોણથી જોવાની કોશિષ કરો. તેઓ તમારી માવજત, પ્રેમ અને સમયને લાયક છે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો. સહકર્મચારીઓ અને તમારા હાથ નીચે કામ કરતા લોકો ચિંતા તથા તાણની ક્ષણો ઊભી કરી શકે છે.

**મીન :**
આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમારા દિલ પર રૉમાન્સનું રાજ હશે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો. આનંદ-પ્રમોદ તથા મનોરંજન માટે સારો દિવસ. આજે તમે તમારા જીવનસાથી સાથે તમારા જીવનનો શ્રેષ્ઠતમ દિવસ વિતાવશો.

# 'મેરી રાખી કા મતલબ હૈ પ્યાર ભૈયા' કચ્છમાં રક્ષાબંધનની ઉજવણી





































### છત્તીસગઢના ૧૮ વર્ષના યુવાને ઘર છોડ્યું, ૩૦ વર્ષેની વયે પરિવારને મળ્યો

## ગુમ થયેલ ભાઈ ૧૨ વર્ષે મળ્યોઃ બહેને તેનાં કાંડે બાંધી રક્ષા

ભુજ તા.૨૧

છત્તીશગઢનાં જાંજગીર ચાંપા વિસ્તારનો યુવાન રોહીત કેવટે તેની ૧૮ વર્ષની ઉંમરે અચાનક માનસિક સમતુલા ગુમાવતાં ઘર અને પરિવાર છોડ્યા હતા, અને સતત રખડતો-ભટકતો રહ્યો અનેક રાજ્યોમાંથી થઇ છેલ્લે સોમનાથનાં નિરાધારનો આધાર સેવાશ્રમ મધ્યે પહોંચ્યો હતો ત્યાંનાં સંચાલકો જનકભાઇ અને ધ્રુવ સોલંકીએ તેની સારી સારવાર કરાવી હતી. જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજના સીનીયર પેરાલીગલ વોલીન્ટીયેર પ્રબોધ મુનવરના માર્ગદર્શન હેઠળ માનવજ્યોત સંસ્થા ભુજના સામાજિક કાર્યકર રીતુબેન વર્મા સોમનાથ આશ્રમની મુલાકાતે ગયેલા ત્યારે આ યુવાન રોહીતને પોતાની સાથે ભુજ લઇ આવી, રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છમાં રાખી તેની માનસિક આરોગ્યની હોસ્પીટલમાં સારવાર કરાવતાં તે સ્વસ્થ બન્યો હતો, અહીં તે એક મહિનાંનો મહેમાન રહ્યો હતો. તે સ્વસ્થ થતાં છત્તીશગઢ પોલીસની મદદથી તેનું ઘર-પરિવાર શોધી કાઢી તેમને જાણ કરાતાં તેનાં પિતા-ભાઇ-બનેવી તેને લેવા માટે છત્તીશગઢથી મોટર કારથી ભુજ આવી પહોંચ્યા હતા, પોતાનાં વહાલસોયા પરિવારજનને મેળવી સૌ એ ખુશી વ્યક્ત કરી હતી તેના પિતાનાં જણાવ્યા મુજબ છેલ્લા બાર વર્ષથી તેની સતત શોધ ચલાવીએ છીએ, ઘરે તેની માતા તથા બહેન તેના આવવાની રાહ જોઇ બેઠા છે. પિતા-પુત્ર અને ભાઇ ભાઇનું ૧૨ વર્ષે મિલન થતાં ભાવુક દ્રશ્યો સર્જાયા હતા, સૌની આંખોમાં અશ્રુનાં પુર વહ્યાં હતાં, રક્ષાબંધન પર્વનાં આગલા દિવસે રોહિત ઘરે પહોંચતાં, બહેને ૧૨ વર્ષ પછી ભાઇનાં કાંડે રક્ષા બાંધી હતી. રોહીત કેવટ ઘરેથી નિકળ્યો ત્યારે ૧૮ વર્ષનો હતો. આજે તે ૩૦ વર્ષનો થઇ ચુકયો



છે. માનવતાનાં આ કાર્યમાં આનંદ રાયસોની, દિપેશ શાહ, પ્રતાપ ઠક્કર, પંકજ કુરવા, દિલીપ લોડાયાએ સહભાગી બન્યા હતા.

**નોખાણિયા શાળા :** તાલુકાની નોખાણિયા પ્રાથમિક શાળામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે મળી ભાઈ અને બહેનના પવિત્ર સ્નેહના પ્રતિક સમાન રક્ષાબંધન પર્વની અનોખી રીતે ઉજવણી કરી હતી. રક્ષાબંધન નિમિત્તે રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત શાળામાં શિક્ષિકા બહેનોએ શિક્ષક ભાઈઓને રાખડી બાંધી હતી. બાળકોએ રક્ષાબંધન વિશેના ગીતો ગાયા હતા.શાળાના આચાર્ય હરિસિંહ જાડેજાએ રક્ષાબંધન પર્વની ઉજવણીનો હેતુ તથા તેનો ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ સમજાવ્યો હતો સાથે શ્રી કૃષ્ણ - દ્રોપદી, અભિમન્યુ - કુંતા માતા, કર્ણાવતી - હુમાયુના દષ્ટાંતો વર્ણવ્યા હતા. શાળાની બાળાઓએ પોતાના હાથે તૈયાર કરાયેલ રાખડીઓ શાળાના બાળકોને કાંડે બાંધી , કુમ-કુમ તિલક કરી, મીઠું મોઢું કરાવી ભાઈઓની મંગલકમનાઓ કરી હતી. બાળકો માટે રક્ષાબંધનને લગતી ક્વિઝ અને ચિત્ર સ્પર્ધા યોજાઇ હતી. આ તકે ગામના યુવા અગ્રણી ભરત છાંગાએ શાળાના તમામ બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા કાર્યક્રમ નું સંચાલન બ્રિજેશ બૂચે જ્યારે આભારવિધિ લીલાધર બિજલાણીએ કરી હતી. આયોજનને સફળ બનાવવા શાળા પરિવારના કેશુ ઓડેદરા, નમ્રતા આચાર્ય, માનસી ગુસાઇ સહિતનાઓ જહેમત ઉઠાવી હતી.

**માનવજ્યોત :** ભાઈ-બહેનનાં પવિત્ર પ્રેમનાં પર્વ રક્ષાબંધનની માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ મધ્યે ઉજવણી કરવામાં આવી હતી. સેવાશ્રમના માનસિક દિવ્યાંગોનાં કાંડે રક્ષાબાંધવા હિન્દુ-મુસ્લિમ સમાજની બહેનો ઢોલ- શરણાઈ સાથે વાજતે ગાજતે આવી પહોંચી હતી.“સી,, ટીમ પોલીસ- ભુજ, કુકમા વણકર મહિલા ગ્રુપ-કુકમા, મહાકાળી મહિલા મંડળ-વર્ધમાનનગર, શ્રી સહકાર સેવા ટ્રસ્ટ-ભુજ, નીલમ ચેરીટેબલ ટ્રસ્ટ-ભુજ, કચ્છ મહિલા વિકાસ સંગઠન-ભુજ, સખી સાહેલી ગ્રુપ મહિલા મંડળ-ભુજ ના બહેનો કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમનાં માર્ગદર્શક અને જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજનાં સીનીયર પેરાલીગલ વોલીન્ટીયર શ્રી પ્રબોધ મુનવરે કોમી એક્તા અને ભાઇચારાનો સંદેશો આપતા “રક્ષાબંધન,, પર્વનું મહત્વ સમજાવ્યું હતું. માનસિકદિવ્યાંગોને કાંડે ગોદાવરી ઠક્કર, કમળા વ્યાસ, જયા મુનવર, મીના બોરીચા, હર્ષા શાહ, કુલસુમ સમા, અનિતા ઠાકુર, ભાવના વણકર,અમિતા જૈન, ઈન્દુ ઠક્કર, નશીમ લોહાર,રાયમા સમા, પ્રવિણાબા રાણા, સબનમ આલા, ખુશબુ સમા, ગુણવતી મોતા, રીટા મોતા, આરતી જોષી, રીતુ વર્માએ કુમકુમ તિલક કરી, ચોખા ચોડી, આરતી ઉતારી તેઓનાં હાથનાં કાંડે રક્ષાબાંધી, મીઠું મોઢું કરાવી તેઓ જલ્દી તંદુરસ્ત અને સ્વસ્થ બને અને પરિવાર સાથે તેમનું ફેર મિલન થાય તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. માનસિક દિવ્યાંગોને કબીર મંદિર-ભુજ તથા અમૃત પ્રવિણભાઈ હીરાણી, મહાકાળી મહિલા મંડળ-વર્ધમાનનગર, સી.એમ. ઠક્કર તથા એક સદગૃહસ્થ દાતાશ્રીઓ દ્વારા માનસિક દિવ્યાંગોને મિષ્ટાન સાથેનું ભોજન જમાડવામાં આવેલ. આ પ્રસંગે મુસ્લિમ સમાજની બહેનોએ જણાવ્યું હતું કે, અમે રક્ષાબંધન તહેવારની આતુરતાથી રાહ જોતા હતા. રક્ષાબંધનને રાષ્ટ્રીય એકતાનું પ્રતિક માનીએ છીએ. હિન્દુ મુસ્લિમ દરેક ધર્મ એક સમાન છે. રક્ષાબંધન તહેવાર કોમી એકતાનું પ્રતિક છે. આપણે બધા એક છીએ. સર્વ ધર્મ સમાન છે. કાર્યક્રમનું સંચાલન સહદેવસિંહ જાડેજાએ જયારે આભારવિધિ પૃથ્વીરાજસિંહ જાડેજાએ કરેલ. વ્યવસ્થામાં રમેશ માહેશ્વરી, સુરેશ માહેશ્વરી, આનંદ રાયસોની, શંભુ જોષી, કનૈયાલાલ અબોટી, મયુર બોરીચા, ભુપેન્દ્ર બાબરીયા, નિતિન ઠક્કર, પ્રવિણ ભદ્રા, રફીક બાવા, પંકજ કુરવા, દિલીપ લોડાયાએ સહકાર આપ્યો હતો.સી ટીમની સભ્યો પણ જોડાઇ હતી

**વૃક્ષોને રાખડી :** કચ્છ જિલ્લાના મુખ્ય પાટનગર ભુજ ખાતે રક્ષાબંધનની ઉજવણી અલગ અલગ રીતે કરવામાં આવી હતી શહેરની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા વૃક્ષોને રાખડી બાંધવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ ઉપરાંત બાળકોને મોટેરા ઓને મીઠાઈના પેકેટ આપવામાં આવ્યા હતા ઉપરાંત જીવ દયા પ્રવુતિ પણ કરવામાં આવી હતી અને ઘેર ઘેર ટીફીનો પણ પહોંચતા કરવામાં આવ્યા હતા. શહેરમાં આજે અલગ અલગ વિસ્તારોમાં વૃક્ષોને રાખડી બંધાઈ હતી તેમજ બાળકો એકબીજાને વૃક્ષો ને રાખડી બાંધી હતી આ તકે એકબીજાને મીઠું મોં કરાવી અને રક્ષાબંધનની ઉજવણી કરી હતી.

**દયાપર કોલેજ :** મહારાવ લખપતજી સરકારી વિનયન અને વાણિજય કૉલેજમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના પ્રા.ડો. ફિરોઝબેગ એસ.મિર્ઝાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.બહેનોએ ભાઈઓ તેમજ સ્ટાફ પરિવારને મીઠું મોઢું કરીને રાખડી બાંધી હતી. રક્ષાબંધન તહેવારને હર્ષ ઉલ્લાસ સાથે ઉજવવામાં આવ્યું હતું.આ કાર્યક્રમને સફળ બનાવવામાં કૉલેજનાં સર્વે અધ્યાપકોએ પોતાનું યોગદાન આપ્યું હતું, જેના કારણે સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો. કાર્યક્રમનો સંચાલન ડો. સુશીલા વાઘમશી દ્વારા કરવામાં આવેલ તેમજ કાર્યક્રમની આભારવિધિ કાનજી સીજુ દ્વારા કરવામાં આવેલ હતી.

**નખત્રાણા પોલીસ :** રક્ષાબંધન મહાપર્વ નિમિત્તે નખત્રાણા સ્માર્ટ પોલીસ સ્ટેશને વિશ્વ હિન્દુ પરિષદ,માતૃશક્તિ અને દુર્ગા વાહિની ની બહેનો દ્વારા રક્ષાબંધન ની ઉજવણી કરવામાં આવી.આ પ્રસંગે નખત્રાણા પોલીસ સ્ટેશન ના ઈન્ચાર્જ પીઆઇ અશોક એમ.મકવાણા અને નખત્રાણા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા તમામ પોલીસ ભાઈ ઓને રાખડી બાંધી,મોઢું મીઠું કરાવી ને એમની રક્ષા માટે પ્રાર્થના કરવામાં આવી હતી.આ પ્રસંગે નખત્રાણા પીઆઇ મકવાણા પણ પોલીસ હંમેશા પ્રજા ના રક્ષણ માટે તત્પર જ છે. અને હંમેશા રહેશે એવું આશ્વાસન આપ્યું હતું.વિભાગ માતૃશક્તિ સંયોજીકા સોનલ શેઠિયાના માર્ગદર્શન હેઠળ આયોજન થયું હતું.

**ભારત વિકાસ પરિષદ :** ભારત વિકાસ પરિષદ માટુંગા-દાદર શાખા દ્વારા સ્થળોએ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.ઋષભ મારુ અને માટુંગાના કોર્પોરેટર શ્રીમતી નેહલ શાહના નેતૃત્વમાં શાખાના મહિલા કાર્યકરોએ મહારાષ્ટ્ર રાજ્યના મહામહિમ રાજ્યપાલ સી.પી.રાધાકૃષ્ણન સાથે રાજભવન ખાતે રક્ષાબંધન તહેવાર મનાવ્યો હતો આ ટીમમાં ફાલ્ગુની છેડા, કાંચી શાહ અને ડૉ.તન્વી શાહ ઉપસ્થિત રહ્યા હતા. માનનીય રાજ્યપાલ એ ૨૫ મિનિટ સુધી કાર્યકરો સાથે વાતચીત કરી હતી.અને સૌના સાથ થી મહારાષ્ટ્રને આગળ લઈ જવાના તેમના વિઝન અંગે ચર્ચા કરી.બીજી તરફ, અમિત શાહ અને શાખાના મહિલા કાર્યકરોની ટીમ દ્વારા ACP સંજય કુરુંદકર,વરિષ્ઠ પોલિસ નિરીક્ષક સુધાકર સિરસાટ અને તેમના સ્ટાફ સાથે માહિમ પોલીસ સ્ટેશન ખાતે રક્ષાબંધન તહેવારની ઉજવણી કરવામાં આવી હતી.આ ટીમમાં ભારતી લાલન, સોનમ શાહ, મનાલી હરિયા અને કુણાલ મેવાડા સાથે રહ્યા હતા.

**રાપર :** રક્ષાબંધનના પવિત્ર તહેવાર પર રાપર તાલુકાના પ્રમુખ શ્રીમતી કેસર બગડા તેમજ વિસાસર વાઢ પ્રાથમિક શાળાની ધોરણ છ થી આઠની વિદ્યાર્થીનીઓ દ્વારા બેલા નજીક આવેલા બીએસએફ કેમ્પમાં ૨૧ સીમા સુરક્ષા વાહીનીના જવાનો ને રાખડી બાંધીને રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી માં ભોમ ની રક્ષા કાજે જે જવાનો રાત દિવસ ચોકી પહેરો કરી રહ્યા છે જેવો તહેવારોના દિવસે પણ ભારત પાકિસ્તાન સીમા પર ચોકી પહેરો કરીને દુશ્મનોના નાપાક ઈરાદાઓને સફળ થવા દેતા નથી એવા આપણા જવાનોની સાથે રક્ષાબંધન ઉજવણી કરી ૨૧ બટાલીયનના ઈન્સ્પેક્ટર રામલાલ પંત તેમજ જવાનો સાથે તાલુકા પ્રમુખ કેસર બગડા અને સાથે વિસાસર વાંઢની પ્રાથમિક શાળાની બાળાઓએ જવાનો ને રાખડી બાંધી ત્યારે વાતાવરણ ભાઈ બહેનના હેતથી ઉભરાતું હોય તેમ જવાનો પણ ભાવુક બન્યા હતા જવાનોને તાલુકા પ્રમુખ દ્વારા મીઠાઈ આપવામાં આવી સમગ્ર કાર્યક્રમ નું સંચાલન કમલેશ રાજપુત અને કૌશિક બગડા ની આગેવાનીમાં કરાયુ હતુ

**દુર્ગા વાહિની ,કચ્છ :** ભાઈ બહેનનો પવિત્ર તહેવાર એટલે રક્ષાબંધન. બહેન પોતાના ભાઈ ની સુરક્ષા અને સ્વસ્થ જીવન જીવે તે માટે પ્રાર્થના કરે છે. ત્યારે દુર્ગા વાહિની બહેનોએ સાથે મળીને હનુમાન ચાલીસા તેમજ ગાયત્રી મંત્ર ના પાઠ કરી રક્ષાસૂત્ર તૈયાર કરી બહેનો દ્વારા અલગ અલગ સ્થાન પર રક્ષાબંધનના કાર્યક્રમ કરવામાં આવ્યા જેમ કે પોલીસ સ્ટેશન, તાલુકા પંચાયત, નગર પાલિકા, વીએચપી ના ભાઈઓ, વગેરે સ્થાનો પર કાર્યક્રમો કરવામાં આવ્યા હતા રક્ષાબંધન કાર્યક્રમ માંડવી પ્રખંડ ના સયોજિકા પૂજન બેન,માતૃશક્તિના સહસયોજિકા લક્ષ્મી લીંબાણી સાથે અન્ય કાર્યકરતા બહેનો જોડાયા હતા. જેમાં ૮ બહેનો દ્વારા ૫૫ ભાઈઓને રક્ષાસૂત્ર બાંધયા હતા. કચ્છ જિલ્લા પ્રચાર-પ્રસાર સંયોજક કુલદીપ શેઠે વિગતો આપી હતી.

**નાના અંગીયા :** નખત્રાણા તાલુકાના નાના અંગિયા ગામની બહેનોએ સરહદના રખોપું કરતા જવાનોની બહેનો બનીને જવાન ભાઈઓના હાથે રક્ષાકવચ રૂપે રાખડી બાંધી.હતી જવાનોએ બહેનોને દેશની સુરક્ષાનું વચન આપ્યું હતુ .વિધાર્થિનીઓ દ્વારા જખૌ અને કોટેશ્વર સરહદ પર મુલાકાત લઈને જવાનોને રાખડી બાંધીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.રાખડી બાંધતા બહેનોએ જવાનોને આર્શીવચન આપ્યા હતા.

# FILMY ગપશપ

## કોલકાતાની ઘટના સામે શેર કરી પોસ્ટ : અભિનેત્રી મિમી ચક્રવર્તીને મળી છે બળાત્કારની ધમકી

નવી દિલ્હી, તા.૨૧

કોલકાતા રેપ અને મર્ડર કેસને લઈને ડોક્ટર્સનો વિરોધ ચાલુ છે. આ મામલે સીબીઆઈ તપાસ ચાલી રહી છે. આ બધાની વચ્ચે તૃણમૂલ કોંગ્રેસના પૂર્વ સાંસદ અને અભિનેત્રી મિમી ચક્રવર્તીએ મંગળવારે કહ્યું કે કોલકાતા કેસ વિશે પોસ્ટ કર્યા પછી, તેને બળાત્કારની ધમકીઓ અને અશ્લીલ સંદેશાઓ મોકલવામાં આવી રહ્યા છે. મીમીએ આ અંગે ઠ પર એક પોસ્ટ કરી છે, જેમાં તેણે કોલકાતા પોલીસના સાયબર સેલ વિભાગને પણ ટેગ કર્યું છે.મીમીએ લખ્યું, "અને અમે મહિલાઓ માટે ન્યાયની માંગ કરી રહ્યા છીએ, ખરું ને? આ તેમાંથી કેટલાક છે. જ્યાં ભીડમાં માસ્ક પહેરેલા પુરુષો દ્વારા બળાત્કારની ધમકીઓ સામાન્ય થઈ ગઈ છે જેઓ કહે છે કે તેઓ મહિલાઓ સાથે ઉભા છે. શું ઉછેર અને શિક્ષણ આને મંજૂરી આપે છે?"તમને જણાવી દઈએ કે મિમી ચક્રવર્તી ૨૦૧૯ થી ૨૦૨૪ સુધી જાદવપુર લોકસભા સીટથી સાંસદ રહી હતી. અભિનેત્રીએ કોલકાતામાં એક ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં અંગત




રીતે પણ ભાગ લીધો હતો. મિમી ઉપરાંત રિદ્ધિ સેન, અરિંદમ સિલ અને મધુમિતા સરકાર જેવી અભિનેત્રીઓએ ૧૪ ઓગસ્ટની રાત્રે આયોજિત વિરોધમાં ભાગ લીધો હતો.

આ દુઃખદ ઘટના ૯ ઓગસ્ટના રોજ બની હતી, જ્યારે કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ગ્રેજ્યુએટ ટ્રેઈની ડૉક્ટર પર બળાત્કાર કરવામાં આવ્યો હતો અને પછી તેની હત્યા કરવામાં આવી હતી. પીડિતાની લાશ બીજા દિવસે સવારે હોસ્પિટલના સેમિનાર હોલમાં મળી આવી હતી. પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં જાણવા મળ્યું કે પીડિતાના શરીર પર ૧૪ ગંભીર ઈજાના નિશાન હતા. પીડિતાના મૃત્યુ અંગેના અહેવાલમાં તેણીનું ગળું દબાવવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે.કોલકાતા પોલીસે મૃતદેહ મળ્યા બાદ તરત જ આરોપી સંજય રોયની ધરપકડ કરી હતી. કથિત રીતે તે બિલ્ડિંગમાં પ્રવેશતો જોવા મળ્યો હતો જ્યાં આ ઘટના બની હતી. આ બાબતને લઈને સમગ્ર દેશમાં તબીબ સમુદાયમાં વિરોધની લહેર જોવા મળી રહી છે. તેઓ દેશભરમાં સતત વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. તેઓ સરકાર પાસે એવો વટહુકમ લાવવાની માંગ કરી રહ્યા છે જેના હેઠળ તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે.સીબીઆઈને આરોપી સંજય રોયનો પોલીગ્રાફી ટેસ્ટ કરાવવાની પરવાનગી મળી ગઈ છે. તપાસ એજન્સીએ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ પહેલા એજન્સીએ આરોપીનો મનોવૈજ્ઞાનિક ટેસ્ટ કરાવ્યો હતો. હવે પોલીગ્રાફી ટેસ્ટ દ્વારા જાણી શકાશે કે છેલ્લો આરોપી કેટલું જૂઠું અને કેટલું સત્ય બોલી રહ્યો છે.


## 'રેસ ૪'ની તૈયારી શરૂ, સૈફ અલી ખાન યથાવત રહેશે

મુંબઈ, તા.૨૧

સૈફ અલી ખાનની કરિયરમાં રેસ ફ્રેન્ચાઈઝીની ફિલ્મોનું યોગદાન છે. આ ફ્રેન્ચાઈઝીની પહેલી બે ફિલ્મ હિટ રહી હતી, જ્યારે સલમાન ખાનનો સાથ હોવા છતાં ત્રીજી ફિલ્મ ઓડિયન્સને પસંદ આવી ન હતી. 'રેસ'ના પ્રોડ્યુસર રમેશ તૌરાની અને સૈફ અલી ખાન 'રેસ'ની ચોથી ફિલ્મ બનાવવા તૈયારી કરી રહ્યાં છે. ફ્રેન્ચાઈઝીની ચોથી ફિલ્મ માટે તેમની સંખ્યાબંધ મુલાકાતો થઈ છે અને આ ફિલ્મમાં સૈફ અલી ખાન સિવાયની સ્ટાર કાસ્ટ માટે તેઓ નામ વિચારી રહ્યાં છે. અબ્બાસ-મસ્તાનના ડાયરેક્શનમાં બનેલી રેસની ફિલ્મોમાં ધમાકેદાર મ્યૂઝિક, સ્ટાઈલિશ એક્શન સીક્વન્સ અને ટ્વિટ્સ જોવા મળે છે. ત્રીજો ભાગ ખાસ ચાલ્યો ન હતો, પરંતુ ફિલ્મના પ્રોડ્યુસર અને એક્ટરને અગાઉની બે ફિલ્મોની સફળતા યાદ છે. 'રેસ ૪'નો બેઝિક પ્લોટ તેમણે તૈયાર કરી લીધો છે અને તેઓ ત્રીજા ભાગ કરતાં વધારે સારી ફિલ્મ બનાવવા માગે છે. હાલ તેનું ટાઈટલ 'રેસ રીબુટ' રખાયું છે.



આમના શરીફે ઈન્સ્ટાગ્રામ પર પોતાની કેટલીય લેટેસ્ટ તસવીરો શેર કરી છે, જેમાં એક્ટ્રેસ એકદમ ગ્લેમરસ અવતારમાં દેખાઇ રહી છે.શોર્ટ ડ્રેસમાં આમનાએ ગ્લેમરસ ફોટોશૂટ કરાવી ચાહકોને દિવાના બનાવ્યા છે.આમના શરીફ કેમેરાની સામે અલગ-અલગ અંદાજમાં હોટ પોઝ આપતી જોવા મળી રહી છે.



વ્હાઈટ કલરના બોડીકોન લૂકમાં ચિત્રાંગદા કાતિલ પોઝ આપતી જોવા મળી રહી છે.ચિત્રાંગદા સિંહે ઘણી વખત પોતાની ફેશનેબલ સ્ટાઈલથી ફેન્સનું દિલ જીત્યું છે.અભિનેત્રીના સ્ટાઈલિશ લૂકે ચાહકોને દિવાના બનાવ્યા છે. અભિનેત્રીનો ગ્લેમરસ અંદાજ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.

## ફવાદ ખાનની પાકિસ્તાની ફિલ્મ 'ધ લિજેન્ડ ઓફ મૌલા જટ્ટ' ભારતમાં રિલીઝ થશે

મુંબઈ, તા.૨૧

પાકિસ્તાની ફિલ્મ સ્ટાર ફવાદ ખાનની ભારતીય ફેન ફોલોઈંગ ખૂબ જ મજબૂત છે. ફવાદે ૨૦૧૭ની ફિલ્મ 'ખૂબસુરત'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું અને 'કપૂર એન્ડ સન્સ' અને 'એ દિલ હૈ મુશ્કિલ' જેવી ફિલ્મોમાં પણ કામ કર્યું હતું. ભારતીય ફિલ્મોમાં ફવાદની એન્ટ્રી પછી, દર્શકોમાં તેનો ક્રેઝ વધુ ઝડપથી વધી ગયો. પરંતુ ૨૦૧૬માં પાકિસ્તાની કલાકારો પર ભારતમાં કામ કરવા પર પ્રતિબંધ લગાવ્યા બાદ તે બોલિવૂડમાં જોવા મળ્યો ન હતો. હવે ફવાદના ભારતીય ચાહકો માટે એક મોટા ખુશખબર છે. ફવાદ ખાનની બ્લોકબસ્ટર 'ધ લિજેન્ડ ઓફ મૌલા જટ્ટ' (૨૦૨૨) ટૂંક સમયમાં જ ભારતીય સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. મળતી માહિતી મુજબ, પાકિસ્તાનની સૌથી મોટી ફિલ્મ 'ધ લિજેન્ડ ઓફ મૌલા જટ્ટ' આવતા મહિને ભારતના સિનેમાઘરોમાં રિલીઝ થઈ શકે છે. દિગ્દર્શક બિલાલ લશારીની આ ફિલ્મને આખી દુનિયામાં ઘણી પ્રશંસા મળી છે. ઈન્ડસ્ટ્રીમાં એવી ચર્ચા ચાલી રહી છે કે ભારતના સૌથી મોટા ફિલ્મ સ્ટુડિયોમાંથી એક ઝી સ્ટુડિયો



૨૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ આ અદ્દભુત પાકિસ્તાની ફિલ્મ ભારતીય દર્શકો માટે લાવવા જઈ રહ્યું છે ફવાદ ખાન, માહિરા ખાન. હમઝા અલી અબ્બાસી અને હુમૈમા મલિક અભિનીત 'ધ લિજેન્ડ ઑફ મૌલા જટ્ટ' પાકિસ્તાની લોકકથાઓમાં લોકપ્રિય મૌલા જટ્ટ અને નૂરી નટ્ટ વચ્ચેની હરીફાઈ પર આધારિત છે.

૨૦૨૨માં રિલીઝ થયેલી ફવાદ ખાનની ફિલ્મે પાકિસ્તાની ફિલ્મોના કમાણીના તમામ જૂના રેકોર્ડ તોડી નાખ્યા હતા. ૪૫-૫૫ કરોડ રૂપિયામાં બનેલી આ ફિલ્મે તેના પ્રથમ થિયેટર રનમાં રૂ. ૨૫૦ કરોડ (પાક)થી વધુનો બિઝનેસ કર્યો હતો. તેના પ્રથમ રન પછી, આ ફિલ્મ વિશ્વવ્યાપી બજારમાં વિવિધ સ્થળોએ ફરીથી રજૂ કરવામાં આવી છે અને તેનું કુલ વિશ્વવ્યાપી કલેક્શન રૂ. ૪૦૦ કરોડ (પાક) કરતાં વધુ છે.

## ફિલ્મ ઈમરજન્સીમાં શીખોને ખોટી રીતે દર્શાવવામાં આવી રહ્યા છે : સરબજીત સિંહ

મુંબઈ, તા.૨૧


કંગના રનૌત તેની ફિલ્મ 'ઈમરજન્સી'ને લઈને વિવાદમાં આવી છે. ફરીદકોટના સ્વતંત્ર સાંસદ સરબજીત સિંહ ખાલસાએ આ ફિલ્મ અંગે વાંધો વ્યક્ત કર્યો છે. સરબજીત સિંહે ફેસબુક પર એક લાંબી પોસ્ટ લખી છે, જેમાં તેણે કહ્યું છે કે ફિલ્મ 'ઈમરજન્સી' શીખ સમુદાયને ખોટી રીતે બતાવે છે, જેના કારણે સમાજમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે. સરબજીત સિંહ ખાલસાએ લખ્યું, 'એવા અહેવાલો છે કે નવી ફિલ્મ ઈમરજન્સીમાં શીખોને ખોટી રીતે દર્શાવવામાં આવી રહ્યા છે.

જેના કારણે સમાજમાં કાયદો અને વ્યવસ્થા બગડે તેવી ભીતિ સેવાઈ રહી છે. જો આ ફિલ્મમાં શીખોને અલગતાવાદી અને આતંકવાદી તરીકે દર્શાવવામાં આવ્યા છે તો તે એક ઊંડું કાવતરું છે. આ ફિલ્મ અન્ય દેશોમાં શીખો વિરુદ્ધ નફરત ફેલાવવા માટેનો માનસિક હુમલો છે, જેના પર સરકારે ધ્યાન આપવું જોઈએ અને બંધ કરવું જોઈએ. તેણે આગળ લખ્યું, 'દેશમાં શીખો પર નફરતના હુમલાના સમાચાર વારંવાર સામે આવે છે. આવી સ્થિતિમાં, આ ફિલ્મ શીખ સમુદાય



વિરુદ્ધ નફરત પણ ભડકશે. શીખ સમુદાયે આ દેશ માટે મહાન બલિદાન આપ્યા છે, જે ફિલ્મોમાં સંપૂર્ણ રીતે દર્શાવવામાં આવ્યા નથી. પરંતુ શીખોને બદનામ કરવાનો દરેક પ્રયાસ અહીં જાતિ છે. સામુદાયિક સંવાદિતા અને કાયદાકીય વ્યવસ્થા જાળવવા માટે વાંધાજનક ફિલ્મો અને ગીતો પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

હું હંમેશા સમાજમાં શાંતિ જાળવવા માટે આવી અસામાજિક પ્રવૃત્તિઓ સામે અવાજ ઉઠાવીને રોકવાનો પ્રયત્ન કરું છું. સરબજીત સિંહ ખાલસા બિઅંત સિંહના પુત્ર છે. ૩૧ ઓક્ટોબર ૧૯૮૪ના રોજ ઓપરેશન બ્લુ સ્ટાર હેઠળ તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની ગોળી મારીને હત્યા કરનાર બે અંગરક્ષકોમાંના એક બિઅંત સિંહ હતા. હવે કંગના રનૌત પોતાની ફિલ્મ 'ઈમરજન્સી' લઈને આવી રહી છે.



મલાઈકા માત્ર તેની ફિટનેસ માટે જ ફેમસ નથી પરંતુ તે તેના જિમ લુક માટે પણ ઘણી વાહવાહી મેળવે છે.મલાઈકા પોતાની ફિટનેસ જાળવવા માટે દરરોજ જીમમાં જાય છે, જેના માટે તેની પાસે જિમ વેઅરનું સારું કલેક્શન છે.




ભૂમિકા ચાવલા હિન્દી સિનેમાની જાણીતી અભિનેત્રી છે. અભિનેત્રી જે આજે ૨૧મી ઓગસ્ટએ પોતાનો ૪૫ મો જન્મદિવસ ([illegible]) સેલિબ્રેટ કરી રહી છે, તેણે તેલુગુ અને તમિલ સિનેમામાં પોતાનું નામ બનાવ્યા બાદ હિન્દી સિનેમામાં પ્રવેશ કર્યો હતો.

## બોર્ડર ૨ : વરુણ ધવનને સની દેઓલની સેનામાં જગ્યા મળી

મુંબઈ, તા.૨૧

સની દેઓલની મલ્ટિસ્ટાર ફિલ્મ 'બોર્ડર ૨' ૧૯૯૭માં બ્લોકબસ્ટર રહી હતી. દેશભક્તિથી તરબતર આ ફિલ્મનો બીજો ભાગ બનાવવા તૈયારીઓ શરૂ થઈ છે. આગામી ફિલ્મમાં સની દેઓલનો લીડ રોલ નિશ્ચિત છે, પંરતુ તેમની સાથેની અન્ય કાસ્ટને રીપિટ કરાઈ નથી. સનીએ નવી ૫ ેઢીના એક્ટર્સને પોતાની સાથે રાખવાનું વિચાર્યું છે. નવેમ્બર મહિનાથી ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાનું આયોજન છે ત્યારે તેમાં સનીને સાથ આપવા વરુણ ધવનની પસંદગી થઈ છે. બોર્ડર ૨ને ભારતીય સિનેમાની સૌથી મોટી યુદ્ધ ફિલ્મ બનાવવાની તૈયારી સાથે જંગી બજેટ રખાયું છે. આ ફિલ્મમાં વરુણ ધવનને મહત્ત્વનો રોલ ઓફર થયો છે. ભારતીય ઓડિયન્સના હૃદયમાં 'બોર્ડર' ફિલ્મ ઊંડે સુધી ઘર કરી ગઈ છે. તેથી જ આ તેને કલ્ટ ફિલ્મ તરીકે ઓળખવામાં આવે છે. વરુણ નાનપણથી જ 'બોર્ડર'થી પ્રભાવતિ છે અને હવે તેને સીક્વલમાં મહત્ત્વનો રોલ ઓફર થયો છે. નવેમ્બર મહિનાથી સીક્વલનું શૂટિંગ શરૂ થવાનું છે ત્યારે વરુણ ધવન તેમાં ડિસેમ્બરથી જોડાશે.

# SPORTS કોર્નર

## આઈસીસી પ્રમુખ બાર્કલે ત્રીજા કાર્યકાળ માટે તૈયાર નથી, જય શાહ સૌથી યુવા ચેરમેન બની શકે

નવીદિલ્હી,તા.૨૧

વર્તમાન ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના અધ્યક્ષ, ન્યુઝીલેન્ડના વકીલ ગ્રેગ બાર્કલે મંગળવારે ૩૦ નવેમ્બરના રોજ તેમનો કાર્યકાળ પૂરો થયા બાદ ત્રીજી મુદતની રેસમાંથી પોતાની જાતને પાછી ખેંચી લીધી હતી, જેના કારણે બોર્ડ ઓફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઈન્ડિયાના સેક્રેટરી જય શાહને રમતના વૈશ્વિક સંચાલક મંડળમાં જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શાહના ભવિષ્યને લઈને અટકળોએ જોર પકડ્યું છે. શાહ આ પદ માટે પોતાનો દાવો રજૂ કરશે કે નહીં તે ૨૭ ઓગસ્ટ સુધીમાં સ્પષ્ટ થઈ જશે, જે અધ્યક્ષ પદ માટે નામાંકન ભરવાની છેલ્લી તારીખ છે.આઈસીસી ચેરમેન દરેક બે વર્ષની ત્રણ મુદત માટે પાત્ર છે અને ન્યૂઝીલેન્ડના વકીલ બાર્કલેએ અત્યાર સુધીમાં ચાર વર્ષ પૂર્ણ કર્યા છે.આઈસીસીના નિયમો અનુસાર, અધ્યક્ષની ચૂંટણીમાં ૧૬ મત હોય છે અને હવે વિજેતા માટે નવ મતોની બહુમતી (૫૧%) જરૂરી છે. અગાઉ, અધ્યક્ષ બનવા માટે, પદધારક પાસે બે તૃતીયાંશ બહુમતી હોવી જરૂરી હતી. શાહને આઈસીસી બોર્ડના સૌથી



પ્રભાવશાળી ચહેરાઓમાંના એક ગણવામાં આવે છે. તેઓ હાલમાં આઈસીસીની શક્તિશાળી ફાઈનાન્સ અને કોમર્શિયલ અફેર્સ સબ-કમિટીના વડા છે. આઈસીસીના અધ્યક્ષ ગ્રેગ બાર્કલેએ બોર્ડને પુષ્ટિ આપી છે કે, તેઓ ત્રીજી મુદત માટે ઊભા રહેશે નહીં અને નવેમ્બરના અંતમાં તેમનો વર્તમાન કાર્યકાળ પૂરો થશે ત્યારે તેઓ પદ છોડશે. બાર્કલેને નવેમ્બર ૨૦૨૦ માં આઈસીસીના સ્વતંત્ર અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ ૨૦૨૨ માં આ પદ માટે ફરીથી ચૂંટાયા હતા. હાલના ડિરેક્ટરોએ હવે આગામી ચેરમેન માટે ૨૭ ઓગસ્ટ, ૨૦૨૪ સુધીમાં નોમિનેશન સબમિટ કરવાના રહેશે અને જો એક કરતાં વધુ ઉમેદવારો હશે તો ચૂંટણી યોજાશે અને નવા ચેરમેનની મુદત ૧ ડિસેમ્બર, ૨૦૨૪થી શરૂ થશે.

શાહના મોટાભાગના ૧૬ વોટિંગ સભ્યો સાથે ખૂબ સારા સંબંધો છે. હાલમાં, શાહ પાસે બીસીસીઆઇ સેક્રેટરી તરીકેના તેમના કાર્યકાળમાં એક વર્ષ બાકી છે, ત્યારબાદ તેમણે ઓક્ટોબર ૨૦૨૫ થી ત્રણ વર્ષનો ફરજિયાત બ્રેક (કૂલિંગ ઑફ પીરિયડ) લેવો પડશે. સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂર કરાયેલા બીસીસીઆઇના બંધારણ મુજબ, એક પદાધિકારી ત્રણ વર્ષના કુલિંગ ઓફ પીરિયડ પેહલા છ વર્ષ સુધી હોદ્દો સંભાળી શકે છે. એક વ્યક્તિ કુલ મળીને ૧૮ વર્ષ પદ પર રહી શકે છે, રાજ્ય એસોસિએશનમાં નવ વર્ષ અને બીસીસીઆઇમાં નવ વર્ષ સુધી આ પદ સંભાળી શકે છે. જો શાહ તેમના સેક્રેટરી પદમાં એક વર્ષ બાકી રાખીને આઈસીસીમાં જવાનું નક્કી કરે છે, તો તેમની પાસે બીસીસીઆઈમાં ચાર વર્ષ બાકી રહેશે. તે ૩૫ વર્ષની ઉંમરે આઈસીસીના ઈતિહાસમાં સૌથી યુવા અધ્યક્ષ બની શકે છે. જગમોહન દાલમિયા, શરદ પવાર, એન શ્રીનિવાસન અને શશાંક મનોહર એવા ભારતીય છે જેમણે ભૂતકાળમાં આઈસીસીનું નેતૃત્વ કર્યું છે.

## ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ અચાનક નિવૃત્તિની જાહેરાત કરી!

મુંબઇ,તા.૨૧

ટીમ ઈન્ડિયાનો દિગ્ગજ ઓલ રાઉન્ડર હાર્દિક પંડ્યા જે હાલમાં ટીમનો સૌથી મોટો મેચ વિનર છે. હાર્દિક પંડ્યા પણ ટીમ ઈન્ડિયાને બેટ અને બોલ બંનેથી મેચ જીતાડવામાં સક્ષમ છે. હાર્દિક પંડ્યા કરતા સારો ઓલરાઉન્ડર અત્યારે ભારતીય ક્રિકેટમાં નથી.

દરમિયાન, મીડિયામાં એવા અહેવાલો પણ આવી રહ્યા છે કે હાર્દિક પંડ્યા ટૂંક સમયમાં ક્રિકેટના આ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરશે અને તે પછી માનવામાં આવી રહ્યું છે કે હાર્દિક પંડ્યા ક્યારેય ટીમ ઈન્ડિયા માટે ક્રિકેટ રમતા જોવા મળશે નહીં.

ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલ રાઉન્ડર હાર્દિક પંડ્યાએ ૨૦૧૭માં શ્રીલંકા પ્રવાસ પર ટેસ્ટ ક્રિકેટમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. લગભગ એક વર્ષમાં ટીમ ઈન્ડિયા માટે ૧૧ ટેસ્ટ મેચ રમ્યા બાદ, હાર્દિક પંડ્યાએ ૨૦૧૮થી ભારતીય ટીમ માટે ટેસ્ટ ક્રિકેટમાં કોઈ મેચ રમી નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે હાર્દિક પંડ્યા હવે ઔપચારિકરીતેટેસ્ટક્રિકેટમાંથીનિવૃત્તિ



ની જાહેરાત કરશે.

જ્યારે હાર્દિક પંડ્યાએ વર્ષ ૨૦૧૭ દરમિયાન ટીમ ઈન્ડિયા માટે ટેસ્ટ ક્રિકેટ માં ડેબ્યૂ કર્યું, ત્યાર બાદ તે સતત ૧ વર્ષ સુધી ત્રણેય ફોર્મેટમાં ટીમ ઈન્ડિયા માટે રમ્યો. જેના કારણે હાર્દિક પંડ્યાને ૨૦૧૮ એશિયા કપ દરમિયાન પીઠની ઈજાનો ભોગ બનવું પડ્યું હતું. જેના કારણે હાર્દિક પંડ્યાએ પોતાની જાતને ટેસ્ટ ક્રિકેટથી દૂર કરી દીધી અને સફેદ બોલના ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કરવાનું ચાલુ રાખ્યું. હાર્દિક પંડ્યાએ ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ સાથે ટીમ ઈન્ડિયાના ટી ૨૦ ફોર્મેટમાં પુનરાગમન કર્યું છે, પરંતુ હાર્દિક પંડ્યા શ્રીલંકા પ્રવાસ ૫ ૨ યોજાયેલી વનડે શ્રેણીમાં ટીમ ઈન્ડિયાનો ભાગ નહોતો.

## ટોચના ૩ વિકેટ કીપર બેટર્સ: એડમ ગિલક્રિસ્ટે એમએસ ધોની રોડની માર્શ અને કુમાર સંગાકારાને પસંદ કર્યા

મુંબઇ,તા.૨૧

ઓસ્ટ્રેલિયાના મહાન વિકેટકીપર બેટ્સમેન એડમ ગિલક્રિસ્ટે ભારતના મહાન વિકેટકીપર મહેન્દ્ર સિંહ ધોનીનો ત્રણ મહાન વિકેટકીપર બેટ્સમેનોમાં સમાવેશ કર્યો છે. જોકે, ગિલક્રિસ્ટે ધોનીને રેંકિંગમાં બીજા નંબરે રાખ્યો હતો. ધોની પહેલા તેણે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વિકેટકીપર બેટ્સમેનનું નામ આપ્યું હતું. ઓસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટરોમાં ગણવામાં આવતા ગિલક્રિસ્ટે ધોની પહેલા ઓસ્ટ્રેલિયાના મહાન રોડની માર્શનું નામ પસંદ કર્યું હતું. માર્શને પસંદ કરતાં ગિલક્રિસ્ટે કહ્યું કે તે તેનો આદર્શ છે. ૨૦03 અને ૨૦૦૭ના વર્લ્ડ કપ વિજેતા ઓસ્ટ્રેલિયને ધોનીની શાંતિ અને સંયમના વખાણ કર્યા અને અંતે શ્રીલંકાના કુમાર સંગાકારાને તેની ટોચની ત્રણ યાદી પૂર્ણ કરવા માટે પસંદ કર્યા.

એક અંગ્રેજી અખબાર સાથે વાત કરતા ગિલક્રિસ્ટે કહ્યું, 'રોડની માર્શ, તે મારા આદર્શ હતા. હું તેના જેવો બનવા માંગતો હતો. એમએસ ધોની, મને તેની ઠંડક ગમે છે. તેણે હંમેશા તે પોતાની રીતે કર્યું, હંમેશા સરસ. છેલ્લે



કુમાર સંગાકારા, તે દરેક બાબતમાં ઉચ્ચ ગુણવત્તાનો હતો, પછી તે ટોપ ઓર્ડર પર બેટિંગ હોય કે તેની વિકેટ કીપિંગ હોય, સંગાકારા દરેક બાબતમાં અદ્ભુત હતો.

માર્શે ઓસ્ટ્રેલિયા માટે ૧૯૭૦ થી ૧૯૮૪ વચ્ચે ૯૬ ટેસ્ટ રમી હતી. ૨૦૨૪ના અંતમાં જ્યારે ભારત ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરે છે ત્યારે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતવા માટે ગિલક્રિસ્ટે ઓસ્ટ્રેલિયાનું સમર્થન કર્યું હતું. ઓસ્ટ્રેલિયામાં બંને દેશો વચ્ચેની છેલ્લી બે ટેસ્ટ શ્રેણી ભારતે જીતી છે. ટીમ ઈન્ડિયાની નજરમાં બીજી સિરીઝ જીત્યા બાદ ઓસ્ટ્રેલિયામાં બોર્ડર ગાવસ્કર ટ્રોફી જીતવાની હેટ્રિક બનાવવાનો લક્ષ્યાંક રહેશે. જો કે, જ્યારે ગિલક્રિસ્ટે પોતાના દેશનો પક્ષ લીધો, ત્યારે તેણે સ્વીકાર્યું કે બંને દેશો વચ્ચે સખત સ્પર્ધા થશે, જેમાં બંને દેશો તરફથી કંઈક વલણ પણ જોવા મળી શકે છે. ભારતે છેલ્લી ચાર બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ૨-૧ના માર્જિનથી જીતી છે.

તેણે કહ્યું, 'ઓસ્ટ્રેલિયા પર તે સાબિત કરવાની જવાબદારી છે કે તે ઘરની ધરતી પર મજબૂત ટીમ છે. ભારત જાણે છે કે વિદેશમાં જઈને કેવી રીતે જીતવું. સ્વાભાવિક રીતે હું ઓસ્ટ્રેલિયાને કહીશ અને આશા રાખું છું કે તેઓ આ વખતે જીતશે. પરંતુ આ ખૂબ જ નજીકની બાબત હશે.

# તાલિબાને અફઘાન નાગરિકોને મદદ કરવા બદલ ભારતનો આભાર માન્યો



દોહા,તા.૨૧ભારત સાથેના ઐતિહાસિક સંબંધોને ટાંકીને દોહામાં તાલિબાનના રાજકીય કાર્યાલયના વડા સુહેલ શાહીને નવેસરથી સહકારની હાકલ કરી છે.રાજનૈતિક કાર્યાલયના વડા સુહેલ શાહીને ભારતને અફઘાનિસ્તાનમાં અધૂરા પ્રોજેક્ટ પૂરા કરવા અને સ્વાસ્થ્ય ક્ષેત્રે મદદ કરવા કહ્યું છે.

આ દરમિયાન તેમણે કહ્યું કે દેશમાં મહિલાઓના અધિકારોને લઈને વધુ કામ કરવામાં આવશે. તેમણે કહ્યું કે અફઘાનિસ્તાનમાં સ્થિતિ એવી નથી જેવી બતાવવામાં આવી રહી છે.'ભારત લાંબા સમયથી અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમને મદદ કરી રહ્યું છે. આજે પણ હજારો અફઘાન લોકો ભારતમાં વેપાર કરી રહ્યા છે. અફઘાનિસ્તાનમાં મહિલાઓની ભૂમિકા અંગે તેમણે કહ્યું કે તાજેતરમાં જ મહિલા ઉદ્યોગ સાહસિકોને ૧૦,૦૦૦થી વધુ બિઝનેસ લાયસન્સ આપવામાં આવ્યા છે. આ આંકડો ગત સરકાર કરતા વધુ છે.

સુહેલ શાહીને સ્વીકાર્યું છે કે આંતર રાષ્ટ્રીય પ્રતિબંધને કારણે દેશની અર્થવ્યવસ્થાને અસર થઈ છે. તેમણે કહ્યું, 'જો અમારા પર કોઈ નિયંત્રણો ન હોત તો અમારો વિકાસ વધુ ઝડપથી થયો હોત.તમને જણાવી દઈએ કે ભારતે અફઘાનિસ્તાનના પુનર્નિર્માણ અને પુનર્વસનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. ભારતે અફઘાનિસ્તાનમાં ટેકનિકલ સહયોગ અને ક્ષમતા નિર્માણના ક્ષેત્રમાં પણ રોકાણ કર્યું છે. ભારતે અત્યાર સુધીમાં અફઘાનિસ્તાનને ૩ અબજ ડોલરની સહાય આપી છે. અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન આવ્યા બાદ ભારતની મદદમાં ઘટાડો થયો છે. પરંતુ આ પછી પણ, ભારતે અનાજ, દવાઓ, કોવિડ રસી સહિત ઘણી આવશ્યક ચીજવસ્તુઓ સપ્લાય કરી છે.ભારતે અફઘાનિસ્તાનના ડેલારામ જિલ્લાને ઈરાનની સરહદ સાથે જોડવા માટે ડેલારામ-ઝરંજ હાઈવેના નિર્માણમાં પણ મદદ કરી હતી. આ હાઈવેની મદદથી તાલિબાનોએ થોડા દિવસો પહેલા ખનીજ ભરેલી ટ્રકોને ઈરાનના ચાબહાર બંદરે પહોંચાડી હતી.

# રાષ્ટ્રપતિ બિડેને ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનમાં ટ્રમ્પ પર આકરા પ્રહારો કર્યા

નવી દિલ્હી, તા.૨૧

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીને હવે ગણતરીના મહિનાઓ જ બાકી છે. દેશની બંને મુખ્ય પાર્ટીઓ ડેમોક્રેટિક અને રિપબ્લિકનના રાષ્ટ્રપતિ પદના ઉમેદવારો કમલા હેરિસ અને ડોનાલ્ડ ટ્રમ્પ ચૂંટણી માટે આક્રમક પ્રચાર કરી રહ્યા છે. દરમિયાન, શિકાગોમાં આયોજિત ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનના પ્રથમ દિવસે રાષ્ટ્રપતિ જો બિડેને ટ્રમ્પ પર ઉગ્ર નિશાન સાધ્યું હતું. બિડેને કહ્યું કે પરિવાર જ બધું છે. હું તમને પ્રેમ કરું છું. અમેરિકા, હું તને ખૂબ પ્રેમ કરું છું. હું તમને પૂછવા માંગુ છું, શું તમે લોકો સ્વતંત્રતા, લોકશાહી અને અમેરિકા માટે મત આપવા તૈયાર છો? શું તમે કમલા હેરિસ અને ટિમ વોલ્ઝને મત આપવા તૈયાર છો?તેમણે કહ્યું કે અમેરિકામાં રાજકીય હિંસા માટે કોઈ સ્થાન નથી. જીત્યા પછી તમે એમ ન કહી શકો કે તમે આ દેશને પ્રેમ કરો છો.તેમણે કહ્યું કે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકા વિશે વાત કરે છે કે અમેરિકા એક વિઘટનશીલ



દેશ છે, તો પછી તે વિશ્વને શું સંદેશ આપે છે તેના વિશે વિચારો. તે કહે છે કે અમે હારી રહ્યા છીએ, વાસ્તવમાં તે (ટ્રમ્પ) હારેલા છે. વિશ્વના એક એવા દેશનું નામ જણાવો જે એવું ન વિચારે કે આપણે વિશ્વમાં મોખરે છીએ? અમેરિકા જીતી રહ્યું છે. અમેરિકા હવે ડોનાલ્ડ ટ્રમ્પના અગાઉના કાર્યકાળ કરતાં વધુ સમૃદ્ધ અને સુરક્ષિત છે. ટ્રમ્પ અમેરિકામાં ગુના અંગે સતત જુઠ્ઠુ બોલે છે.તેમણે (ટ્રમ્પ) દેશના સૈનિકોને હારેલા કહ્યા છે. તેને લાગે છે કે તે કોણ છે? તેઓ પુતિન સમક્ષ નતમસ્તક થયા છે. કમલા હેરિસ અને હું આવું ક્યારેય કરતા નથી.ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખપદના ઉમેદવાર અને વર્તમાન ઉપ રાષ્ટ્રપતિ કમલા હેરિસે ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનના પ્રથમ દિવસે રાષ્ટ્રપતિ બિડેનનો આભાર વ્યક્ત કર્યો હતો. હેરિસે કહ્યું, તમારા (બિડેન) ઐતિહાસિક નેતૃત્વ અને દેશની સેવા માટે આભાર. અમે તમારા આભારી છીએ. ચાલો આપણે એવા આદર્શો માટે લડીએ જેને આપણે વળગી રહ્યા છીએ. જ્યારે પણ આપણે લડીએ છીએ ત્યારે જીતીએ છીએ.રાષ્ટ્રપતિ બિડેને કહ્યું કે તેમણે દેશની સેવા કરવા માટે પોતાનું સર્વશ્રેષ્ઠ આપ્યું છે અને ભવિષ્ય વિશે પણ આશાવાદી છે. તેણે કહ્યું કે મેં મારી કારકિર્દીમાં ઘણી ભૂલો કરી છે પરંતુ મેં ૫૦ વર્ષ સુધી મારું સર્વશ્રેષ્ઠ આપ્યું છે. મેં આ દેશની મારા તન-મનથી સેવા કરી છે અને તેના બદલામાં મને અમેરિકન લોકો તરફથી પુષ્કળ સમર્થન મળ્યું છે.બિડેને કહ્યું કે અમે ગાઝા યુદ્ધને સમાપ્ત કરવા માટે ચોવીસ કલાક કામ કરી રહ્યા છીએ. ગાઝામાં દરેક કિંમતે યુદ્ધવિરામ થવો જોઈએ. તેમના સંબોધન દરમિયાન ભીડ 'વી લવ યુ જો' ના નારા લગાવતી રહી.તમને જણાવી દઈએ કે ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનના પહેલા દિવસની થીમ 'લોકો માટે' છે. પૂર્વ રાષ્ટ્રપતિ ઓબામા પણ સંમેલનને સંબોધશે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને ભૂતપૂર્વ સ્પીકર નેન્સી પેલોસી પણ 'એ ફાઈટ ફોર ળીડમ' થીમ હેઠળ બુધવારે પાર્ટીના સંમેલનને સંબોધિત કરશે. આ ઉપરાંત ડફ એમહોફ, સેનેટર ચક શૂમર, હાઉસ માઈનોરિટી હકીમ જેળીઝ પણ સંમેલનને સંબોધશે.

# કોલકાતા રેપ અને મર્ડર કેસ અંગે સીબીઆઈનો પત્ર વાયરલ થયો

નવી દિલ્હી, તા.૨૧

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ મંગળવારે કોલકાતાની ઈર્ કાર મેડિકલ કૉલેજના ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા કેસની તપાસ અંગે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા નકલી પત્રને નકારી કાઢ્યો હતો. સોશિયલ મીડિયા પર મોટા પ્રમાણમાં ફરતા થઈ રહેલા આ પત્રમાં ડૉ.આકાશ નાગ નામની વ્યક્તિની સહી છે. CBI દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ''ડૉ. આકાશ નાગના નામે એક નકલી પત્ર વાયરલ થઈ રહ્યો છે, જેમાં વ્યક્તિએ પોતાને DIG, જોઈન્ટ ડાયરેક્ટર, ક્રાઈમ બ્રાન્ચ, કોલકાતા તરીકે દર્શાવ્યો છે. આ પત્ર સત્તાવાર બેનર હેઠળ છે. સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન બ્યુરો, નાયબ મહાનિરીક્ષકની કચેરી, ભ્રષ્ટાચાર વિરોધી શાખા, કોલકાતા'', જે સોશિયલ મીડિયા પર વ્હોટ્સએપ વગેરે દ્વારા પ્રસારિત થઈ રહી છે. આ પત્ર કોલકાતાની આરજી કાર હોસ્પિટલના તાલીમાર્થી ડૉક્ટર સાથે બળાત્કાર અને હત્યા સાથે સંબંધિત કેસ વિશે છે.''વધુમાં, સીબીઆઈએ કહ્યું કે આ કેસની તપાસ દિલ્હીમાં સીબીઆઈ હેડક્વાર્ટર દ્વારા કરવામાં આવી રહી છે અને પત્રની સામગ્રી નકલી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ''એ સ્પષ્ટ કરવામાં આવે છે કે આ પત્ર નકલી છે. આ કેસની તપાસ સીબીઆઈ હેડક્વાર્ટર, દિલ્હી દ્વારા કરવામાં આવી રહી છે. વધુમાં, ડૉ. આકાશ નાગ, ડીઆઈજી, જોઈન્ટ ડાયરેક્ટર, ક્રાઈમ બ્રાન્ચ, એસીબી, કોલકાતા દ્વારા સીબીઆઈમાં કોઈ અધિકારી નથી. નામ અને હોદ્દો આ પત્રની સામગ્રી ખોટી છે અને તેથી તે સખત રીતે રદિયો આપે છે.''સીબીઆઈએ તેના નિવેદનમાં જણાવ્યું હતું કે સામાન્ય જનતા અને તમામ હિતધારકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ આ પત્ર અથવા તેના જેવા કોઈપણ તોફાની સંદેશાવ્યવહારની અવગણના કરે. તે પુનરોચ્ચાર કરવામાં આવે છે કે સીબીઆઈ તમામ પ્રમાણભૂત પ્રક્રિયાઓને અનુસરીને અને સંપૂર્ણ વ્યવસાયિક રીતે કેસની તપાસ કરી રહી છે.


# પાકિસ્તાન સરકારે સંસદમાં ઉંદરોથી પીછો છોડાવવા બિલાડીઓની ભરતી કરી

પાકિસ્તાન,તા.૨૧

પાકિસ્તાન સરકારે ઉંદરોનો સામનો કરવા માટે દેશની સંસદમાં બિલાડીઓને તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. પાકિસ્તાનની સંસદમાં ઉંદરોની સંખ્યામાં ધરખમ વધારો થયો છે, જેના કારણે ઉંદરોએ મહત્વની ફાઈલો કોતરી નાખી છે. પાકિસ્તાન સરકારે ઉંદરો હેરાનગતીનો નિવેડો લાવવા એક મોટો નિર્ણય કર્યો છે. જેની માટે ૧૨ લાખ પાકિસ્તાની રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ પૈસાથી શિકારી બિલાડીઓ ખરીદવામાં આવશે જે ઉંદરોનો નાશ કરશે.

પાકિસ્તાનમાં આર્થિક સંકટ વચ્ચે, સરકારે દેશની સંસદમાં ઉંદરોનો સામનો કરવા માટે શિકારી બિલાડીઓ તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. પાકિસ્તાનની કેપિટલ ડેવલપમેન્ટ ઓથોરિટી (CDA)એ આ માટે ૧૨ લાખ પાકિસ્તાની રૂપિયાનું બજેટ ફાળવ્યું છે. વાસ્તવમાં સંસદમાં ઉંદરોની સંખ્યા સતત વધી રહી છે. તેઓએ સેનેટ અને નેશનલ





એસેમ્બલીના વિભાગોમાં ઘણી મહત્વપૂર્ણ ફાઈલોનો નાશ કર્યો છે. તેઓ તેમના વાયર કાપીને કમ્પ્યુટરને નુકસાન પહોંચાડી રહ્યા છે.

સંસદ ભવનમાં ઉંદરોની સંખ્યા ઝડપથી વધી રહી છે. ઉંદરોની આ સમસ્યા નવી નથી પરંતુ હાલના સમયમાં તે વધુ ગંભીર બની છે. ઉંદરો માત્ર દસ્તાવેજો જ નહીં પણ કોમ્પ્યુટરના વાયરને પણ નુકસાન પહોંચાડી રહ્યા છે. આ ઉપરાંત ઉંદરોના કારણે સંસદમાં ગંદકી અને બીમારીઓનો ખતરો પણ વધી ગયો છે. પાકિસ્તાનની સંસદમાં ઉંદરો અને બિલાડીઓના આ સમાચાર સાંભળીને અજીબ લાગી શકે છે, પરંતુ અહીંના સાંસદો અને કર્મચારીઓ આ સમસ્યાથી એટલા પરેશાન છે કે તેઓ કંઈપણ વિચારી શકતા નથી. સંસદમાં ઉંદરોને પકડવા માટે બિલાડીઓ ખરીદવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે બિલાડીઓ ઉંદરોને મારવા અને ભગાડવામાં મદદરૂપ સાબિત થશે. પાકિસ્તાનની કેપિટલ ડેવલપમેન્ટ ઓથોરિટી (CDA) એ આ માટે ૧૨ લાખ પાકિસ્તાની રૂપિયાનું બજેટ ફાળવ્યું છે. હવે તે જોવાનું રસપ્રદ રહેશે કે આ ઉપાય કેટલો સફળ થાય છે અને તે ખરેખર ઉંદરોથી છુટકારો મેળવે છે કે નહીં.

# બે વર્ષમાં ૫૫ હજાર આવાસો બનાવ્યા, ૧૯૫૨ કરોડ સહાય ચૂકવી

ગાંધીનગર,તા.૨૧


રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી અંગેની સ્થિતિના પ્રત્યુતરમાં શહેરી વિકાસ વિભાગ વતી મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ,વર્ષ ૨૦૧૫માં વડાપ્રધાન મોદીએ આર્થિક રીતે નબળા વર્ગોના લોકોને આવાસની સુવિધા મળી રહે એ માટે હાઉસિંગ ફોર ઓલ નો સંકલ્પ કર્યો છે.આ સંકલ્પને સાકાર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ છેલ્લા બે વર્ષમાં ૫૫,૫૭૫ આવાસો પ્રધાનમંત્રી આવાસ શહેરી યોજના હેઠળ પૂર્ણ કરાયા છે. જેમાં રૂપિયા ૧૯૫૨ કરોડની સહાય રાજ્ય સરકારે ચૂકવી છે.

તેમણે ઉમેર્યું કે, આર્થિક રીતે નબળા વર્ગોના લોકોને આવાસ સુવિધા પૂરી પાડવા માટે કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના કાર્યરત છે. જેમાં લાભાર્થીઓની વાર્ષિક આવક રૂપિયા ૩ લાખથી ઓછી હોવી જોઈએ જેમાં શહેરી વિસ્તારમાં આવાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા ૧.૫ લાખ અને રાજ્ય સરકાર દ્વારા ૨ લાખ મળી કુલ ૩.૫૦ લાખની સહાય ત્રણ તબક્કામાં લાભાર્થીઓના ખાતામાં જમા કરવામાં આવે છે.રાજ્યમાં ૯.૭૮ લાખ જેટલા આવાસો મંજૂર કર્યા છે તે પૈકી ૮.૬૩ લાખ આવાસો પૂર્ણ કર્યા છે. જેમાં ક્રેડિટ લિંક સબસીડી ઘટક હેઠળ ૬.૧૩ લાખ કરતાં વધુ લાભાર્થીઓને પ્રથમ આવાસ પર લીધેલ લોન પર વ્યાજ સહાયનો લાભ આપ્યો છે.

તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં અત્યાર સુધી બી.એલ.સી ઘટક હેઠળ ૧,૫૬,૭૭૮ આવાસો મંજૂર કર્યા છે. તે પૈકી ૧,૨૦,૫૯૪ આવાસો પૂર્ણ થયા છે અને ૩૬,૩૮૪ આવાસો પ્રગતિ હેઠળ છે. આ માટે કેન્દ્ર સરકારના ૧૯૩૮ કરોડ અને રાજ્ય સરકારના ૨૬૫૬ કરોડ મળી કુલ ૪૫૯૫ કરોડની સહાય લાભાર્થીઓને પૂરી પાડવામાં આવી છે.વડાપ્રધાન મોદીએ આવનાર ૫ વર્ષમાં સમગ્ર દેશમાં નવા ૩ કરોડ આવાસો બનાવવાનો નિર્ધાર કર્યો છે.જેના ભાગરૂપે ગુજરાતમાં પણ મળવાપાત્ર મહત્તમ લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ આપવા રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું મંત્રી ઋષિકેશ પટેલે ઉમેર્યું હતું.

# એરફોર્સમાં વિંગ કમાન્ડર રહી ચૂકેલા મહામંડલેશ્વર પાયલટ બાબાનું નિધન

દેશના પ્રખ્યાત સંત અને પંચ દશનમ જુના અખાડાના મહામંડલેશ્વર પાયલટ બાબાનું ૮૬ વર્ષની ઉંમરે નિધન થયું છે. પાયલટ બાબાનો જન્મ ૧૫ જુલાઈ ૧૯૩૮ના રોજ નોખાના બિશનપુરમાં થયો હતો. તેમનું પ્રાથમિક શિક્ષણ ગામમાંથી જ થયું હતું, બાદમાં તેમની બુદ્ધિમત્તાના કારણે તેઓ ભારતીય વાયુસેનામાં પસંદ થયા હતા. ૧૯૫૭માં ભારતીય વાયુસેનામાં કમિશન મેળવ્યા બાદ તેમણે ફાઈટર એરક્રાફ્ટની ટ્રેનિંગ લીધી હતી. તેમને ૧૯૬૨થી ૧૯૭૧ સુધી ત્રણ યુદ્ધ લડવાની તક મળી. પાયલટ બાબાનું સાચું નામ કપિલ સિંહ હતું. કહેવાય છે કે, પાયલટ બાબા (કપિલ સિંહ) ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધ દરમિયાન ફાઈટર પ્લેન ઉડાવતા હતા. યુદ્ધ દરમિયાન જ જ્યારે ફાઈટર પ્લેનનો રેડિયો સંપર્ક તૂટી ગયો હતો અને તેનું પ્લેન દિશાહીન થઈ ગયું હતું, ત્યારે એવો દાવો કરવામાં આવે છે કે, ગુરુની વિશેષ કૃપાથી તેમને આશીર્વાદ મળ્યા





હતા અને તેઓ બચી શક્યા હતા. તે પછી તેમના જીવનમાં મોહભંગ થયો. માત્ર ૩૩ વર્ષની ઉંમરે તેઓ નોકરીમાંથી નિવૃત્ત થઈ ગયા અને સંન્યાસીનું જીવન જીવવા લાગ્યા. સમાધિની કળામાં નિપુણ બન્યા પછી જેમ જેમ તેમની ખ્યાતિ ફેલાતી ગઈ તેમ તેમ તે ઋષિ-મુનિઓમાં પણ ખૂબ પ્રખ્યાત થઈ ગયા. તેમની પ્રવૃત્તિઓ જોઈને જુના અખાડાએ તેમને મહામંડલેશ્વરનું બિરુદ આપ્યું. ઉલ્લેખનીય છે કે, શંકરાચાર્ય પછી મહામંડલેશ્વર સૌથી મોટી પદવી છે. જે ઋષિ-મુનિઓ અને અનેક મઠના સ્વામી બન્યા પછી જ પ્રાપ્ત થાય છે.

૧૯૫૭માં છદ્મમાં વિંગ કમાન્ડર તરીકે કામ કરનારા આ યુવક માત્ર ૩૩ વર્ષની ઉંમરે નિવૃતિ થઈ ગયા અને તેમણે પોતાની જાતને તમામ પ્રકારના દેખાવમાંથી મુક્ત કરી દીધા. એવો દાવો કરવામાં આવે છે કે, તેમણે હિમાલયમાં વર્ષો સુધી તપસ્યા કરી. આ દરમિયાન તેમણે સમાધિ કલાનું જ્ઞાન મેળવ્યું. તે પછી, તેઓ ભારતના વિવિધ વિસ્તારોમાં ભૂ સમાધિ લેવા માટે ખૂબ પ્રખ્યાત થયા. તેમની ખ્યાતિ વિદેશમાં પહોંચી. આ પછી તેમણે વિશ્વના વિવિધ દેશોમાં ઘણા દિવસો સુધી ભુ સમાધિ લઈને લોકોને આશ્ચર્યચકિત કરી દીધા. આ ઉપરાંત, પોતાને એર-ટાઈટ કાચની અંદર બંધ કરીને, તેઓ મૃત્યુની સ્થિતિમાંથી પાછા આવવાની કળામાં નિપુણ બન્યા.

# પોલેન્ડના સંબંધોમાં ગુજરાતની ભૂમિકા સુવર્ણ અક્ષરોમાં સચવાયેલી

**નરેન્દ્ર મોદીની આ મુલાકાતને ગુજરાત અને સમગ્ર દેશ માટે ગૌરવપૂર્ણ ક્ષણ હોવાનું જણાવી આ મુલાકાત '' વિકાસ ભી , વિરાસત ભીના'' મંત્રને સાર્થક કરે છે તેવુ અગ્રણીઓએ ઉમેર્યું હતું**

યુરોપના પોલેન્ડની મુલાકાત દરમ્યાન વડાપ્રધાને એ આજે પોલેન્ડના વોર્સોમાં સ્થિત સ્ક્વેર ઓફ ગુડ મહારાજા ખાતે ગુજરાતના નવા નગરના જામસાહેબ દિગ્વિજયસિંહ જાડેજાના સન્માનમાં બનાવેલ સ્મારકે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ મુલાકાતને આવકારીને ટ્વિટમાં જણાવ્યું કે,ભારત અને પોલેન્ડના સંબંધોમાં ગુજરાતની ભૂમિકા ઈતિહાસના પાનામાં સુવર્ણ અક્ષરોમાં સચવાયેલી છે.વડાપ્રધાનની આ મુલાકાત ભારત અને પોલેન્ડ વચ્ચેના સંબંધોને વધુ સુદ્રઢ બનાવશે. રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ મુલાકાતને ગુજરાત અને સમગ્ર દેશ માટે ગૌરવપૂર્ણ ક્ષણ હોવાનું જણાવી આ મુલાકાત '' વિકાસ ભી , વિરાસત ભીના'' મંત્રને સાર્થક કરે છે તેમ ઉમેર્યું હતું.વધુમાં મંત્રી એ જણાવ્યું હતું કે, જામસાહેબના નામથી વોર્સોવામાં મહારાજા સ્ટેટના સ્મારક ઉપરાંત, પોલેન્ડમાં કેટલીક સ્કૂલના નામ, રોડના નામ પણ દિગ્વિજયસિંહ જાડેજાની સ્મૃતિમાં આપવામાં આવ્યા છે. મંત્રી ઋષિકેશ પટેલ એ જામસાહેબના યોગદાનનું સ્મરણ કરતાં જણાવ્યું હતું કે, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન થયેલા તોફાનોને કારણે પોલેન્ડના ૬૦૦ જેટલા બાળકોને ગુજરાતમાં આશ્રયનું સ્થાન આપ્યું હતું . આ બાળકોને રહેવા માટેનું ઉત્તમ સ્થાન , શિક્ષણ અને ભોજન સહિતની જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ પૂરી પાડી હતી .વિશ્વયુદ્ધ પૂર્ણ થઈ ગયા પછી જામ સાહેબે



બધા જ બાળકોને પોલેન્ડ પરત મોકલ્યા હતા. જામસાહેબ દિગ્વિજયસિંહ જાડેજાના આ સેવાકાર્યો સમગ્ર ભારત અને ગુજરાત માટે કાયમના સંસ્મરણો બની રહ્યા છે તેમ મંત્રી ઋષિકેશ પટેલ એ ઉમેર્યું હતું.

# પીએમ મોદીની મુલાકાત પહેલા જ યુક્રેનનો રશિયામાં મિસાઈલ મારો: ૩ બ્રિજ ધરાશાયી

નવીદિલ્હી,તા.૨૧


યુક્રેન અને રશિયા વચ્ચે હજુ પણ યુદ્ધની સ્થિતિ યથાવત્વ છે. બંને દેશ એકબીજા પર થોડા થોડા સમયે હુમલા કરી રહ્યા છે. હવે જ્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુક્રેનની મુલાકાતે પહોંચવાના છે તે બે દિવસ પહેલા જ યુક્રેને રશિયામાં ભારે તબાહી મચાવી દીધી છે. તાજેતરના અહેવાલ અનુસાર યુક્રેનના સૈન્યએ પશ્ચિમ રશિયા પર મોટો હુમલો કર્યો છે.

માહિતી મુજબ પશ્ચિમ રશિયામાં સેમ નદી પર બનેલા ૩ બ્રિજને નિશાને લઈ યુક્રેની સૈન્યએ મિસાઈલ હુમલા કર્યા હતા. આ હુમલામાં ત્રણેય બ્રિજ ધરાશાયી થઈ ગયાની માહિતી છે. ઉલ્લેખનીય છે કે પ.રશિયામાં યુક્રેની સૈનિકોની ઘૂસણખોરી વધતી જઈ રહી છે. જોકે તેમ છતાં રશિયાનો આ શહેર પર કબજો તો યથાવત્ જ છે. રશિયા પોક્રોવ્સ્ક શહેર પર કબજો જમાવવાની તૈયારી કરી રહ્યું છે. રશિયા હવે ગમે ત્યારે યુક્રેનને જડબાતોડ જવાબ આપી શકે છે.

# ગૂગલે તેની ઈમેલ સર્વિસ જીમેલમાં બે નવા ફીચર્સનો સમાવેશ કર્યો

મુંબઈ,તા.૨૧

ગૂગલે તેની ઈમેલ સર્વિસ જીમેલમાં બે નવા ફીચર્સનો સમાવેશ કર્યો છે. આ ફીચર્સ છે 'પોલિશ' અને 'રીફાઈન માય ડ્રાફ્ટ'. એન્ડ્રોઈડ, આઈઓએસ અને વેબ દરેક વર્ઝન પર આ ફીચર ઉપલબ્ધ છે. આજે દરેક કોર્પોરેટ કંપનીમાં મોટાભાગનું કામ ઈમેલ દ્વારા થતું હોય છે. ઘણી વાર યુઝરની લખવાની સ્ટાઈલ થોડી નબળી હોવાથી ઈમેલ પોતે લખું અથવા તો અન્ય કોઈ પાસે લખાવું એવું થતું હોય છે. જોકે તેમનો આ સંકોચ હવે દૂર થઈ જશે કારણ કે ગૂગલનું આ ફીચર તેમના માટે જ બન્યું છે.





ગૂગલ દ્વારા હાલમાં જે ફીચર કાઢવામા આવ્યુ છે એનું નામ રીફાઈન માય ડ્રાફ્ટ છે. આ ફીચરની મદદથી યુઝરને લખવામાં મદદ મળે છે. યુઝર જ્યારે જીમેલના બોડી ટેક્સમાં લખે છે ત્યાં 'હેલ્પ મી રાઈટ' અને 'રીફાઈન માય ડ્રાફ્ટ' એમ બે વસ્તુ લખેલું આવશે. આ બન્ને પર ક્લિક કરતાં એક લખવા માટેની તમામ મદદ મળી રહશે. ઈમેલ કેવા પ્રકારનો લખવાનો છે એ માટે હેલ્પ મી રાઈટનો ઉપયોગ કરવો. એ લખ્યા બાદ એને બરાબર છે કે નહીં એ ચેક કરવા માટે રીફાઈન માય ડ્રાફ્ટનો ઉપયોગ કરવો. આ નાની-મોટી ભૂલોને સુધારી દેશે અને ઈમેલ ભૂલ વગરનો સેન્ડ થશે.

બોડી ટેક્સ્ટમાં બારથી વધુ શબ્દ લખ્યા બાદ પોલિશ, ફોર્મલાઇઝ, એલાબોરેટ અથવા તો ઈમેલને ટૂંકો કરવા માટેનું ઓપ્શન આવશે. આ પોલિશ ફીચરની મદદથી યુઝર ભૂલ વગરનો ઈમેલ તો લખી જ શકશે, પરંતુ એક વાર ઈમેલ શા માટે લખવામાં આવી રહ્યો છે એ જણાવી દેતા આ પોલિશ ફીચર યુઝર માટે સંપૂર્ણ ઈમેલ લખી નાખશે. આ ઈમેલ એક વાર વાંચી લેવો અને જો એ યુઝરને યોગ્ય લાગ્યો તો રીપ્લેસ બટન પર ક્લિક કરતાં બોડી ટેક્સ્ટમાં પોલિશ વર્ઝન વાળો ઈમેલ આવી જશે. જોકે આ ગૂગલ જેમિની પોલિશ ફીચર હાલમાં ફક્ત ગૂગલ વન છેં પ્રીમિયમ યુઝર માટે જ છે.

# ભાભરમા સાધ્વીજીની છેડતી મુદ્દે જૈન સમાજના અગ્રણીઓએ ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી

ભાભર,તા.૨૧

પંથકમાં બે દિવસ અગાઉ જૈન સાધ્વીની છેડતી મુદ્દે સમગ્ર જૈન સમાજમાં ઘેરા પ્રત્યાઘાત જોવા મળી રહ્યા છે. જેથી આરોપીઓને પકડવા જૈન સમાજ દ્વારા તેમજ અન્ય સમાજ દ્વારા પોલીસ દ્વારા શંકાસ્પદ આરોપીનો સ્કેચ તૈયાર કરી આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે. કોંગ્રસના સાંસદ ગેનીબેન ઠાકોરે પોલીસને ૨૪ કલાકનું અલ્ટિમેટમ આપ્યું. આરોપીઓ નહીં પકડાય તો જૈન સાધુઓ સાથે મળી આગળની રણનીતિ ઘડવામાં આવશે એવી ચીમકી પણ ઉચ્ચારાઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ભાભર પંથકમાં જૈન સમાજના સાધ્વીજીની છેડતીના મુદ્દે સમગ્ર જૈન સમાજ તેમજ અન્ય સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો જોવા મળી રહ્યા છે. બનાસકાંઠા સાંસદ ગેનીબેન ઠાકોર દ્વારા પોલીસને ૨૪ કલાકનું અલ્ટીમેટ આપી આરોપીઓને ઝડપી લેવા માંગ કરવામાં આવી છે અને જો નહીં પકડાય તો જૈન સમાજ સાથે ભલામણ કરી પોલીસ મથકે ધરણા કરવાની પણ ચીમકી આપવામાં આવી છે.બનાસકાંઠા પોલીસ દ્વારા જુદી જુદી ટીમો બનાવી આરોપી ને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસ દ્વારા શંકાસ્પદ વ્યક્તિઓની પૂછપરછ પણ હાથ ધરવામાં આવી છે. પોલીસે શંકાસ્પદ વ્યક્તિનો એક સ્કેચ તૈયાર કરવામાં આવ્યો છે. જેને સોશિયલ મીડિયામાં વાયરલ કરી આ શખ્સ ક્યાંય નજરે પડે તો પોલીસને જાણ કરવા અપીલ કરવામાં આવી છે. સાધ્વીજી સાથે બનેલી ઘટના મામલે જૈન સમાજમાં આક્રોશ છે ત્યારે જૈન સમાજના અગ્રણી હાર્દિક હુંડિયા સહિત જૈન આગેવાનોએ આ મામલે ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે.

# ભારતીય જનતા પાર્ટી અંજાર તાલુકા દ્વારા ની શુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો



અંજાર, તા.૨૧

હાલ સમગ્ર કચ્છમાં ભાજપ દ્વારા આઝાદી પર્વની ઉજવણી નિમિત્તે ૧૬ મેડિકલ કેમ્પનું યોજવાનુ આયોજન કરાયુ હતુ. ત્યારે સમગ્ર કચ્છમાં અલગ-અલગ સ્થળો પર મેડીકલ કેમ્પ યોજાઇ રહ્યા છે જે અતર્ગત ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મેડિકલ સેલ દ્વારા તમામ મંડળો માં એકીસાથે ની શુલ્ક મેડિકલ કેમ્પ યોજવાના ભાગ રૂપે જિલ્લા ભારતીય જનતા પાર્ટી ની સૂચના થી અંજાર તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું .કેમ્પ નું દીપ પ્રાગટ્ય જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન મશ્રુ રબાર ,તાલુકા ભાજપના મહામંત્રી કાનજી આહીર ,તાલુકા પંચાયત ના સદસ્ય આંબા રબારી અને ડોક્ટર લવ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું આ કેમ્પ માં અવિરત ક્લીનિક વરસામેડી ના ડોક્ટર લવ ઠક્કર (એમ.બી.બી.એસ) અને ડોક્ટર ઋષિ ઠક્કર (બી.એ.એમ.એસ) પોતાની ની શુલ્ક સેવાઓ આપી હતી. અને ક્યારે પણ સેવા નો કાર્ય કરવા માટે જ્યાં જરૂર લાગે ત્યાં પોતે સેવા આપવા તત્પર રહેશે એવી ખાતરી આપી હતી આ પ્રસંગે મશરૂ રબારી જણાવ્યું હતું કે આવા કેમ્પ ના માધ્યમ થી નાના અને મધ્યમ વર્ગ ના દર્દીઓ રાહત મળતી હોય છે.કાનજી આહિર જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી હંમેશા સેવા એજ સંગઠન ને ધ્યાન માં રાખી ને ઘણા બધા રચનાત્મક કાર્યો કરતા હોય છે .

જેના ભાગ રૂપે આ કેમ્પ યોજવામાં આવ્યો હતો .આ કેમ્પ થી વરસામેડી આજુ બાજુની કંપનીઓ મા કામ કરતા શ્રમિકો ને રાહત મળશે. આ કેમ્પમા જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય ખોડા રબારી, સવા રબારી ,અભિષેક,દિનેશ, સહતિના આગેવાનો સહિત બહોળી સંખ્યામા લાભાર્થી દર્દીઓ હાજર રહ્યા હતા. મેડીકલ કેમ્પમાં સેવા આપનાર તમામનો આભાર મનાયો હતો જ્યારે ગરીબ દર્દીઓએ આ સેવાને બીરદાવી હતી હાલ કચ્છના અલગ-અલગ મંડલમાં આ રીતે મેડીકલ કેમ્પ યોજાયા હતા જેમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો

## સંક્ષિપ્ત સમાચાર

# વર્લ્ડ ફોટોગ્રાફી ડે પર વરિષ્ઠ ફોટોગ્રાફરનું સન્માન કરાયુ



ભુજ તા.૨૧

વર્લ્ડ ફોટોગ્રાફ ડેની પૂર્વ સંધ્યાએ હાટકેશ સેવા મંડળ અને સંસ્કૃત કેન્દ્ર તથા ગીતાજી કેન્દ્ર દ્વારા મુંબઈથી પ્રસિદ્ધ થતું જન્મભૂમિના વરિષ્ઠ ફોટોગ્રાફર વિરલ કનૈયાલાલ જોશીનું ભુજની ઓલફ્રેડ હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય સુનિલ પાઠક ના વડપણ હેઠળ વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે સંસ્કૃત પાઠશાળાના સંચાલક વિભાકર અંતાણી, હસમુખ વોરા,મજૂર કામદાર નેતા દર્શક અંતાણી, ઈસ્માઈલ જુણેજા, ભાસ્કર વોરા,જયશ્રી હાથી, રમા માંકડ હાજર રહ્યા હતા.

કચ્છના ધારાશાસ્ત્રી શંકર સચદે અને રત્નાકર ધોળકિયાએ શુભેચ્છા પાઠવી હતી.સન્માન બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.આશિષ વૈદ્યએ યાદીમાં વિગતો આપી હતી

# નખત્રાણા સ્વામિનારાયણ મંદિરના હિંડોળા ની પૂર્ણાહૂતિ



આણંદપર(યક્ષ)તા.૨૧

નખત્રાણા સ્વામિનારાયણ મંદિરના હિંડોળાની પૂર્ણાહુતી કરવામાં આવી હતી,આ પ્રસંગે કોડાય ગુરુકુળ સ્વામિનારાયણ મંદિરના સંતો જયકૃષ્ણ સ્વામી, જય હરિદાસ સ્વામી ઉપસ્થિત રહ્યા હતા, તેમણે કહ્યું હતું કે, હિંડોળા ઉત્સવ એટલે આત્માને પરમાત્મામાં જોડી ભક્તિનાં પુષ્પો પ્રભુને અપર્ણ કરવાનો અનુપમ અવસર છે, આવો હિંડોળા ઉત્સવ દર વર્ષે અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ સુધી મંદિરોમાં ઊજવાય છે. હિંડોળા બનાવતી બહેનોને નખત્રાણા સ્વામિનારાયણ મંદિર તરફથી થેલાની ભેટ આપવામાં આવી હતી, આ પ્રસંગે સંગીતમય આરતી પણ યોજવામાં આવી હતી, પ્રસાદના દાતા કનૈયાલાલ ચૌહાણ રહ્યા હતા. આયોજિત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હરિભક્તો હાજર રહ્યા હતા.


# સરકારી કચેરીઓમાં બિન અધિકૃત વ્યક્તિ પ્રવેશ નહીં કરી શકે

ભુજ તા.૨૧

જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા તમામ સરકારી કચેરીઓમાં અન અધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યકિતઓ,ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ મુક્તું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મિતેશ પંડયાએ બહાર પાડી તા.૨૧/૦૮ થી તા.૦૪/૦૯/૨૦૨૪ સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે, ઉપરાંત જિલ્લાના તમામ તાલુકા મથકની સરકારી કચેરી, દરેક પોલીસ સ્ટેશનો, જાહેરસ્થળો, સરકારી કચેરીઓની બહાર કે પરિસરની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઇ મંડળી બનાવી સરઘસ કે રેલી પર મનાઇ ફરમાવવામાં આવી છે.

# મુંદરા ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય ખાતે શુક્રવારે ધાર્મિક કાર્યક્રમો

મુન્દ્રા તા.૨૧



શ્રી મુક્તિ શ્રમણ વિજયજી મ.સા.તથા મુનિ મુક્તિ ચરણ વિજયજી મ.સા.ની નિશ્રામાં કચ્છ વાગડ દેશો દ્વારક આચાર્ય ભગવંત વિજય કનકસુરીશ્રવરજી મ.સા.ની ૬૧મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે તા.૨૩/૦૮ ના લાભાર્થી વોરા ચંદનબેન ચુનીલાલ જયચંદ પરિવાર દ્વારા સવારે ૬ વાગે ભક્તામર સૂત્રનુ પઠન, ૮:૩૦ વાગે ગુણાનુવાદ પ્રવચન, બપોરે ૧૨ વાગે સમૂહ આયંબિલ તથા ૩ વાગે શ્રી પાશ્વપંચ કલ્યાણક પૂજા અને રાત્રે ૮:૩૦ કલાકે ભક્તિ ભાવના સહિત ધાર્મિક કાર્યક્રમ યોજાશે ઉપરાંત અખંડ ૯ દિવસ જાપ કરવાનું બહુમાન કરવામાં આવશે એવું તપગચ્છ જૈન સંઘના વિનોદ મહેતાએ જણાવ્યું હતું.

# ધારાસભ્યના પોત્રના જન્મદિન નિમિતે વીરાણી મોટી શાળામાં નોટબૂકનું વિતરણ



આણંદપર(યક્ષ)તા.૨૧

નખત્રાણા તાલુકાના વિરાણીમોટી ખાતે ધારાસભ્ય પ્રદ્યુમ્નસિંહ જાડેજાના પોત્રના જન્મદિન નિમિતે ગામમાં આવેલી પ્રાથમિક શાળાઓ તથા આંગણવાડીના દરેક બાળકોને નોટબૂક આપવામાં આવી હતી, આ પ્રસુંગે ધારાસભ્યના પુત્ર જયદીપસિંહ જાડેજા દ્વારા કુમાર પ્રાથમિક ગ્રુપ શાળામાં સ્પીચ બોક્ષ આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

બલવીરસિંહના જન્મદિન નિમિતે શાળાના આચાર્ય શ્રવણ ભાવાણી દ્વારા સાલ ઓઢડી સન્માન કરી શાળા પરિવાર દ્વારા શુભેચ્છાઓ પાઠવામાં આવી હતી, કન્યા પ્રા.શાળાના આચાર્ય ટપુભા જાડેજા દ્વારા સાલ દ્વારા જયદીપસિંહ જાડેજા તેમજ સરપંચ શામાબેન બળિયાનું સન્માન દિપીકાબેન પટેલ દ્વારા તેમજ છગનભાઈ ઠક્કર અને ચેતન ઠક્કરનું પણ સન્માન કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે ગામના આગેવાનો હાજર રહ્યા હતા.

# પ્રમુખ સ્વામીનગરમાં પ્રા. આરોગ્ય કેન્દ્ર માટે જમીન સંપાદન કરવા મંજૂરી ન મળી

ભુજ તા.૨૧

મુંદરા રીલોકેશન અને પ્રમુખ સ્વામી નગર પ્રવેશ દ્વાર પાસે ધાસચારા પોઈન્ટ પર જિલ્લા પંચાયત દ્વારા ૧૮ કરોડના ખર્ચે બનનારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને વેક્સીન સેન્ટરની સુવિધા જમીન સંપદાનની મંજૂરી ન મળતા આ વિસ્તાર માટે છીનવાઈ ગઈ છે, જોકે મોંઘા ભાડાના મકાનમાં આ સુવિધા ચાલુ કરાઈ છે પણ કોઈ પ્રચાર પ્રસાર ન હોતાં ભાગ્યે જ કોઈ લાભ લેવા જતુ હશે. લોકોના જણાવ્યા પ્રમાણે અગાઉ સંભવત ૧૮ કરોડના ખર્ચે બનનારા આરોગ્ય કેન્દ્ર માટે ટેન્ડર પણ બહાર પડી ગયેલ પરંતુ મહિનાઓ સુધી કોઈ હિલચાલ જોવા ન મળતા એક જાગૃત નાગરિકે આર.ટી.આઈ કરતાં જાણવા મળ્યું હતુ કે, સરકારના સંબંધિત વિભાગ દ્વારા જમીન સંપાદનની મંજૂરી ન મળતા હવે આ કેન્દ્ર અન્ય સ્થળે બનાવવામાં આવશે, એક સારી સુવિધા છીનવાઈ જવાનો આ વિસ્તારના લોકો વસવસો વ્યક્ત કરી રહ્યા છે.

# માંડવીઃ દેશ ભક્તિના ગીતોની સ્પર્ધાએ અલખ જગાવી



માંડવી તા.૨૧

સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે ભારત વિકાસ પરિષદની મહિલા પાંખ અને માંડવી નગર પાલિકાના સંયુક્ત ઉપક્રમે પાલિકા પ્રમુખ હરેશ વિંઝોડા, પલ્લવી દવે, ભારત વિકાસ પરિષદના પ્રમુખ ડો.કે.જી વૈષ્ણવ, મહિલા સંયોજિકા કિરણબેન કોટકે દીપ પ્રાગટ્યથી દેશભક્તિનાં ગીતોની સ્પર્ધાને ખુલ્લી મૂકી હતી જેમાં ૨૪ સ્પર્ધકોએ પોતાની ક્લાનાં કામણ પાથરી દેશભક્તિની અલખ જગાવી હતી.

ધારાસભ્ય અનિરૂદ્ધ દવે એ ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. મહિલાઓમાં પ્રથમ ક્રમે જલ્પાબેન અને બીજા નંબરે છાયાબેન તથા પુરુષોમાં પ્રથમ ભૂપેન્દ્રભાઈ અને વસંતભાઈએ દ્રિતીય ક્રમ મેળવ્યો હતો,દરેક સ્પર્ધકને સર્ટીફિકેટ અને આપી પ્રોસ્તાહિત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે મંત્રી મુકેશ સોલંકી,નરેન સોની,ધર્મેન્દ્ર કોટક, રાજેશ કસ્ટા, નીતીન ચાવડા, અશ્વિન ચાવડા, અપર્ણાબેન વ્યાસ, મમતાબેન શાહ, ચંદ્રિકાબેન મહેતા, વર્ષાબેન જોષી, વિભાબેન ઓઝા, મીનાબેન ભટ્ટએ જહેમત ઉઠાવી હતી, કાર્યક્રમનું સંચાલન વિજય ચૌહાણ, કૈલાસ ઓઝા, અને કિરણબેન કોટકે કર્યું હતું, આભાર વિધિ મંત્રી મુકેશ સોલંકીએ કરી હતી.

# મહેસાણા ગણપિત યુનિ. દ્વારા પુસ્તક પ્રદર્શન સાથે લાઈબ્રેરીયન-ડે ઉજવાયો



મહેસાણા તા.૨૧

ગણપતિ યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીની મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ અને ફાર્મસી ફેકલ્ટીની એસ.કે પટેલ કોલેજ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ તેમજ ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્મસી દ્વારા ભારતમાં ગ્રંથાલય વિજ્ઞાનના પિતામહ તરીકે પ્રસિદ્ધ ડોક્ટર શિયાલી રામામૃત રંગનાથન કે, જેમણે ભારતમાં ગ્રંથાલય વિજ્ઞાનના યુગની શરૂઆત કરી હતી તેમની જન્મ જયંતી નિમિત્તે લાઈબ્રેરી-ડેની ઉજવણી નિમિત્તે ફેક્લ્ટી ઓફ સાયન્સની લાઈબ્રેરીમાં તેમના ગ્રંથાલય ક્ષેત્રના મહાન પ્રદાન માટે શ્રદ્ધાંજલિ રૂપે બે દિવસ માટે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પુસ્તક પ્રદર્શનનું ઉદ્દ્ઘાટન ગ્રંથાલય વિશેષજ્ઞ ગિરીશ કાપડિયા, પ્રો.ડો.કેયુર ભટ્ટ, પ્રો.ડો.સંજીવ આચાર્ય, પ્રો.ડો. પરેશ પટેલ અને પ્રો. ડો.રાજેશ ભોંસલે દ્વારા, મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને શિક્ષકોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

ગિરીશભાઈએ જણાવ્યું હતું કે, પુસ્તકોની વિષયવાર ગોઠવણી તથા દરેક વાચકને તેનું પુસ્તક મળી રહે તેમજ દરેક પુસ્તકને વાચક મળી રહે તેવી વ્યવસ્થા દરેક ગ્રંથાલયે કરવાની હોય છે. ૭૨૫ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લઈને લગભગ ૨૦૦૦ વધુ પુસ્તકોના આ પ્રદર્શનને સફળ બનાવ્યું હતું. ગ્રંથપાલ ડો. પ્રવીણ પટેલ, સુશ્રી કિન્નરી પ્રજાપતિ વગેરે એ આયોજન સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી

# લંડનમાં રાષ્ટ્ર ભક્તિ સાથે ભગવત ભક્તિના અનેરો સંગમ







**વિલસ્ડનમાં ૫૦ વર્ષ જુના ભુજ મંદિર સંચાલિત સ્વામિનારાયણ મંદિર વિલસ્ડનમાં રાષ્ટ્રીય પર્વ નિમિત્તે રાષ્ટ્રભક્તિના તિરંગામાં ઠાકોરજીનાં દર્શન થતા લંડનના હેરો વિસ્તારમાં પણ અનેક લોકો સાથે મળીને વિશાળ ત્રીરંગા રેલીનું આયોજન કર્યું હતું : ભારતીય પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ મહિલાઓની વિશેષ ઉપસ્થિતી**

લંડન તા.૨૧

રાષ્ટ્ર ભક્તિ સાથે ભગવત ભક્તિના અનેરા ઉત્સાહ સાથે ૧૫મી ઓગસ્ટ ભારતના સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી થઈ રહી છે ત્યારે દુનિયા ભરમાં જ્યાં જ્યાં ભારતીયો વસે છે ત્યાં દુનિયાભરમાં ભારતીય રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણી થઈ હતી લંડનમાં મુખ્ય સિટીનો વિસ્તાર વિલસ્ડનમાં આવેલ ૫૦ વર્ષ જુના ભુજ મંદિર સંચાલિત સ્વામિનારાયણ મંદિર વિલસ્ડનમાં રાષ્ટ્રીય પર્વ નિમિત્તે રાષ્ટ્રભક્તિના તિરંગામાં ઠાકોરજીનાં દર્શન થતા હતાં. ભગવાનના સિંહાસનોમાં પણ સર્વત્ર ત્રિરંગાની જ ઝાંખી થઈ રહી હતી.હાલ મંદિરમાં હિંડોળા ઉત્સવ ચાલે છે. એ હિંડોળા પણ ત્રિરંગા ના ભાવથી ભરપૂર હતા.વિલસ્ડન સ્વામિનારાયણ મંદિર મહિલા મંડળ આયોજિત કચ્છ લીલા ગ્રંથોની સમૂહ પારાયણ ચાલી રહી છે આ પારાયણ અંતર્ગત રાષ્ટ્રીય પર્વનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો જેમાં બે હજારથી વધારે લોકોની હાજરી હતી. સૌ સાથે મળી ભવ્ય ઉજવણી કરી. સહુ લોકો ખૂબ આનંદ અને ઉત્સાહ હતા ભગવાન પણ ત્રિરંગાના ભક્તિ ભાવથી દર્શન આપી રહ્યા હતા. મોટી સંખ્યામાં બહેનો તિરંગા કલરની સાડીઓ પહેરીને રસ્તા ઉપર પસાર થઈ હતી ત્યારે તેણીના દિલમાં રહેલ ભારતની રાષ્ટ્રભક્તિની ઝાંખી દેખાતી હતી ભગવાનને અન્નકૂટ ભોગ ધરવામાં આવ્યો હતો. સાથે સર્વે બહેનો એ રાષ્ટ્ર ધ્વજ ની સાડી પહેરેલી સ્થિતિમાં ભગવાનની આરતી કરી ત્યારબાદ ભગવાન આગળ સમૂહમાં ભારતીય રાષ્ટ્રીય ગીતનું ગાન કરવામાં આવ્યુ હતુ આ કાર્યક્રમ અવસરે ભુજ મંદિરથી પૂજ્ય મહંત સ્વામી તથા ઉપમહંત સ્વામી તથા કોઠારીએ અભિનંદન પાઠવ્યા હતા.લંડનના હેરો વિસ્તારમાં પણ અનેક લોકો સાથે મળીને વિશાળ ત્રીરંગા. રેલીનું આયોજન કર્યું હતું આ રેલીમાં પગપાળા, બાઈક ,કાર વિગેરે સાધનોથી લોકો મોટા પ્રમાણમાં જોડાયા હતા. શાંતિથી આ ત્રિરંગા યાત્રા પૂર્ણ થઈ હતી.

# કૃષિ ક્ષેત્રમાં અધતન ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ



કૃષિ ક્ષેત્રમાં અધતન ડ્રોન ટેકનોલોજી (કૃષિ વિમાન)નો ઉપયોગથી ખેડૂતોનો સમય અને નાણાની બચત થાય તે હેતુંથી સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રમાં અધતન ડ્રોન ટેકનોલોજી (કૃષિ વિમાન) યોજના અંતર્ગત ૯૦% અથવા વધુમાં વધુ રૂ. ૫૦૦/- બે માંથી જે ઓછુ હોય તે રકમ પ્રતિ છંટકાવ મળવાપાત્ર થશે. ખાતાદીઠ પ્રતિ છંટકાવ વધુમાં વધુ પાંચ એકરની મર્યાદામાં સહાય મળવાપાત્ર રહેશે. આ યોજનાનો લાભ એટસોર્સ ઘટક તથા ઓનલાઈન આઈ-ખેડુત પોર્ટલ દ્વારા મેળવી શકાય છે.આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક /વિસ્તરણ અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી નો સંપર્ક કરવા જણાવાયુ છે અત્રે ઉલ્લખનીય છે કે ખેડુતો આધુનીક સાધનો સાથે ખેતી કરતા થાય તે માટે સરકાર તાલિમ સહિત ખેડુતોને ડ્રોન દ્વારા દવા છંટકાવ માટે આર્થીક સહાય પણ કરી રહી છે.

# સાકરા નદી પર ભુજ ભચાઉ હાઈવે પર બનેલો બ્રિજ જોખમી



**આઠ વર્ષ પહેલાં બનેલા આ બ્રિજ પર બે વર્ષ પણ વાહનો ચાલ્યા નથીઃ અગાઉ અનેક વખત આ પુલ બંધ કરાયો છે**

ભુજ તા.૨૦

ભુજ-ભચાઉ વાયા દુધઈ હાઈવે પર નવાગામ પાટીયા નજીક સાકરા નદી પર આઠ વર્ષ પહેલા બનાવવામાં આવેલ બ્રિજ (પુલ) હાલ ભયજનક હાલતમાં છે, આ પુલ ઉપરના સ્ટીલના જોઈન્ટ બન્ને છેડેથી અલગ પડી ગયા છે, લોખંડના સળિયા બહાર આવી ગયા છે, ડામર સદંતર ઉખડી ગયેલ છે તેમજ ચાંદ્રાણી કોટડાથી છેક ભચાઉ સુધી આ રોડ પર ખુબજ મોટા ખાડાઓ પડી ગયા છે, જેના લીધે અકસ્માતો થવાનું જોખમ વધી ગયું છે.

આ પુલ ખુબ જ ખરાબ હાલતમાં હોવાથી અગાઉ અનેક વખત આ પુલને બંધ કરી દેવામાં આવ્યો હતો, આ પુલના નિર્માણને આઠ વર્ષ થયા છે, પરંતુ આ પુલ ઉપર બે વર્ષ પણ વાહનો ચાલી શકયા નથી.

કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ આ પુલમાં મોટા પાયે ભષ્ટ્રાચાર થયો છે, જે હવે સ્પષ્ટ દેખાઈ રહયું છે, કોટડા (ચાંદ્રાણી) ના પૂર્વ સરપંચ અને કોંગ્રેસના યુવા આગેવાન વિક્રમ છાંગા, અંજાર તાલુકા કિશાન કોંગ્રેસના પ્રમુખ મહાદેવ ડાંગર દ્વારા તંત્ર સમક્ષ કરાયેલી રજુઆતમાં જણાવાયું હતું કે, ગુજરાત રાજયના સૌથી વૃધારે ટ્રાફિક ધરાવતા પાંચ સ્ટેટ હાઈવે પૈકીનો આ ભુજ-ભચાઉ વાયા દુધઈ હાઈવે રોડ છે, અહિંથી રોજ ૧૩ હજાર જેટલા નાના-મોટા વાહનો પસાર થઈ રહયા છે, અતિ વ્યસ્ત એવા આ રોડ પર કોઈ મોટા જીવલેણ અકસ્માત સર્જાય તે પહેલા તાત્કાલિક ધોરણે આ જર્જરીત પુલ તેમજ રોડના ખાડ-ાઓને રીપેર કરવામાં આવે તેવી માંગ પણ તેમના દ્વારા કરાઇ છે.

# ભચાઉ તાલુકાના સાત ગામોમાં નિઃશુલ્ક આયુર્વેદિક પેટીનું લોકાર્પણ




ભચાઉ તા.૨૧

કચ્છના ઘણા અંતરિયાળ ગામોમાં પ્રાથમિક આરોગ્ય સારવાર સુવિધાઓ ઉપલબ્ધ ના હોવાથી લોકોને દુર સારવાર માટે જવું પડતું હોય છે, આ સમસ્યા નિવારવા માટે સેવા ભારતી ગુજરાત સંલગ્ન સેવા સાધન સંસ્થા દ્વારા ભચાઉ અને સામખીયાળી આસપાસના અંતરિયાળ સાત ગામોમાં લોકોને ભારતીય પ્રાચીન આયુર્વેદ ઉપચાર પુરો પાડવા નિઃશુલ્ક આયુર્વેદિક પેટી મુકવા સાથે પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જંગી જૂથના છાડવારના જયદેવ આહીર, આંબલીયારાથી મનસુખ સોનારા, જંગીથી રસિક કોલી, લાખાપરથી રવિ કોલી, વાઢીયાથી શાંતિદાસ સાધુ, જુના કટારીયાથી રાહુલભાઈ અને આધોઈથી કિર્તી વરચંદ જનસેવા હોસ્પિટલ સામખીયાળી ખાતે યોજાયેલ આરોગ્ય મિત્ર પ્રશિક્ષણ વર્ગમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રશિક્ષણ વર્ગમાં પ્રાચીન આયુર્વેદ અને રોગો વિષે ડો.પંકજસિંહ ચાવડાએ વિગતવાર માહિતી આપી ત્યારબાદ આયુર્વેદિક પેટી કેમ ચલાવવી તે વિષે ભીમજી વાઘજીયાણીએ આયુર્વેદિક પેટીમાં મુકાયેલ ૨૧ અલગ અલગ પ્રકારની આયુર્વેદિક દવાઓ ૪૦ અલગ અલગ પ્રકારના રોગોમાં કઈ રીતે ઉપયોગી થાય અને ક્યા રોગમાં કઈ દવા આપવી તેની વિગતે આરોગ્ય મિત્રને જાણકારી આપી હતી, જ્યારે મોહન વરચંદે સેવા સાધના સંસ્થા ચાલતા સેવા કાર્યોની જાણકારી આપી હતી,આ આયુર્વેદિક પેટીથી સાત અંતરિયાળ ગામોના અંદાજીત ૨૦,૦૦૦લોકો લાભાન્વિત થશે. વાઢીયા ગામમાં આરોગ્ય મિત્ર શાંતિભાઈ સાધુ અને ગામના સરપંચ પપુભાઈ, ગુલાબ મારાજ કાનજીભાઈ, દિનેશભાઈ અને અન્ય ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. લાખાપર ગામમાં સામાજિક અગ્રણીઓની હાજરીમાં રામજી મંદિરમાં ડો. પંકજસિંહની ઉપસ્થિતિમાં આયુર્વેદિક પેટીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું,જંગી મુકામે મેકરણ દાદા અખાડાના મહંત વેલજી દાદાના હસ્તે આયુર્વેદિક પેટીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જેમાં પોલીસ સબ ઈન્સ્પે. લાલજી ચાડ, કિર્તી વરચંદ હાજર રહ્યા હતા,તેજ પ્રકારે છાડવારા,આંબલીયારામાં પણ ગામના અગ્રણીઓની હાજરીમાં ભીમજીભાઈ દ્વારા આયુર્વેદિક પેટીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# નલિયામાં પીવાના પાણીની વિક્ટ સમસ્યા

## પંચાયત બગડેલી મોટર નથી બદલાવી શકતીઃ સરપંચને ચુંટીને હવે લોકોને પસ્તાવાનો વારો આવ્યો છે



નલીયા તા.૨૧

નલીયાની અમુક સોસાયટીઓ વિસ્તારોમાં પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જતાં રહેવાસીઓને પાણીની જરૂરિયાત માટે ટેક્રરનો મંગાવવાનો વારો આવતા લોકોમાં પંચાયત સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગ્રામ પંચાયતમાં કરવેરા નિયમિત ભરાય છે છતાં જો જીવન જરૂરી સુવિધાઓ ન મળતી હોય તો કોની પાસે આશા રાખવાની ? એવા સવાલો સાથે લોકો સરપંચ જો પાણી જેવી લોકોની પ્રાથમિક જરૂરિયાત સંતોષી ન શકતા હોય તો તેમણે પદ મુકી દેવું જોઈએ એવી માંગ કરી રહ્યા છે. નલીયા સુર્યવંશી નગર, એકતા નગર વૃજ ધામ, સુર્યવંશી બિલ્ડિંગની આસપાસ અંદાજિત ૩૦ જેટલા રહેણાક મકાનો આવેલા છે ત્યાંના રહેવાસીઓને છેલ્લા ત્રણ મહિનાથી પાણી મળતું નથી રહેવાસીઓ દ્વારા અવાર નવાર પંચાયતને લેખિક મૌખિક રજૂઆતો કરવામાં આવી છતાં આજ દિન સુધી પાણી સમસ્યાનું સમાધાન કે નિરાકરણ આવ્યું નથી, લોકો કહે છે કે તેઓને પાણીનાં ટેક્રરો મંગાવવાનો વારો આવ્યો છે,એક ટેક્રરનાં ૪૦૦ રૂપિયા ચૂકવવા પડે છે સોસાયટી વિસ્તારમાં એક ટ્રેક્ટર ૧૦ ફેરા મારે છે એવા તો કેટલાય ટ્રેકટર ચાલે છે, આમાં કોઈ સાઠ ગાંઠ તો નથી ને ? એવી શંકા વ્યક્ત કરતા રહેવાસીઓ નું કહેવું છે કે,જો એવું ન હોય તો ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, મામલતદાર, ડેપ્યુટી કલેક્ટર બધાં ને અરજી આપેલ છે તો તેઓ આ સમસ્યા કેમ ઉકેલતા નથી ? અબડાસા તાલુકાના તાલુકા વિકાસ અધિકારી શું કરી રહ્યા છે તે સમજાતું નથી,જો ગ્રામ પંચાયત પાણીની સમસ્યાનું નિરાકરણનકરીશકતીહોયતોસરપંચે પોતાનું પદ મૂકી દેવું જોઈએ, સરપંચને ચૂંટી હવે લોકોને પસ્તાવાનો વારો આવ્યો છે.

પંચાયતે કર્મચારી ગામમાં પાણી ચાલુ કરવાં માટે માણસ રાખેલ છે તેઓને પણ ટેલિફોનથી જાણ કરાય ત્યારે, "મોટર ખરાબ છે" તેવું એક જ રટણ કરે છે, તંત્ર એકાદ અઠવાડિયું લાગવાની વાત કરે છે, જ્યારે રહેવાસીઓ કહે છે કે, નલીયા જૂથ ગ્રામ પંચાયત પાસે એક જ મોટર છે તો પંચાયત દ્વારા બીજી મોટરની વ્યવસ્થા કરવી જોઈએ, કાળઝાળ ગરમીમાં લોકો પાણી વગર કેવી રીતે રહે શકે ? તાલુકાના મુખ્ય મથક નલિયામાં ૧૫ હજારથી વધારે વસ્તી છે, તેમ છતાં આવી હાલાકી છે, ગ્રામ પંચાયત,પ્રાંત કચેરી,તાલુકા મામલતદાર,તાલુકા પંચાયત સુધી અનેક રજૂઆત કરવામાં આવી છે તેમ છતાં કોઈ નિરાકરણ આવતું નથી, તો હવે ક્યાં જવું ? એ સવાલ લોકોને મુંઝવી રહ્યો છે.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

## આજે બર્ગર ડે





જાણ્યું અજાણ્યું
ડો.મિહિર એમ.વોરા

બર્ગર દિવસ ૨૨ ઓગસ્ટ ના ઉજવાય છે જે આ વાનગીનો પ્રચાર અને પ્રસાર કરવા માટે ઉજવાય છે ,આ દિવસનો કોઈ ઈતિહાસ નથી જેની નોંધ લેજો .બર્ગર માં સમૃદ્ધ ચીઝી ટોપિંગ, ચપળ સ્વાદવાળી ડુંગળી અને ટામેટાંના સ્પ્લેશ ઉમેરાય છે અને સાથે વિવિધ ચટણી નો સ્વાદ ફિનિશ સાથે લાવે છે.બર્ગર ડેની સ્થાપના શ્રી હાઇડ દ્વારા તેમના મનપસંદ ખોરાકની ઉજવણી કરવા માટે કરવામાં આવી હતી, તે એક ખોરાક છે, જો આપણે કહીએ કે અમને બર્ગર ગમે છે, તો તે એટલા માટે છે કારણ કે અમે આ ખાધું અને તે ગમ્યું. બર્ગર ડેની રચના આ સૌથી પરફેક્ટછે તેનો સ્વાદ અને અંદર રહેલું શાક ,તકનીકી રીતે સેન્ડવિચ છે પણ મોટું પાઉં છે.

બર્ગર માં બે આલુ ટિક્કી બે બર્ગર બન્સ બે ચમચી ટામેટાંનો કેચ અપ બે કોબીજના પત્તાં બે ગોળ સમારેલાં ટામેટાં બે ગોળ સમારેલી ડુંગળી બે ચીઝ સ્લાઈઝ બે ચમચી બટર બે ચમચી મેયોનીઝ ની જરૂર પડે છે બર્ગર બનાવવા માટે બનને વચ્ચેથી બે ભાગમાં કાપી લો. હવે એક પેનમાં બટર નાખીને ગરમ કરી લો. બટર ઓગળી જાય એટલે બનને ગોલ્ડન રંગના થાય ત્યાં સુધી શેકી લો. પછી એક પ્લેટમાં બનનો નીચેનો ભાગ રાખો.

આના પર કેચઅપ નાખીને ચમચીથી ફેલાવી લો.હવે કોબીજનું પત્તું રાખીને તેના પર મેયોનીઝ નાખો.મેયોનીઝ સ્પ્રેડ કર્યા પછી આલુ ટિક્કી મૂકો. આલુ ટિક્કીની ઉપર ટામેટાં અને ડુંગળીની સ્લાઈઝ મૂકો. સૌથી ઉપર ચીઝ સ્લાઈઝ મૂકો. હવે ચીઝની સ્લાઈઝની ઉપર બનનો ઉપરનો ભાગ મૂકો. તૈયાર છે બર્ગર. આ ઉપરાંત ઘરે આવી રીતે બનાવો અસ્સલ મેકડૉનાલ્ડ જેવું આલુ ટીક્કી બર્ગર ૪ બાફેલા બટેટા, ૧/૨ કપ લીલા વટાણા, ૧ વાટકી બ્રેડ ક્રમ્સ,૧ ટે સ્પુન કોર્ન ફ્લોર,૧ ટી. સ્પુન આદુની પેસ્ટ ૧/૨ચમચીડ,કોથમીર,ગરમ મસાલો,લીંબુનો રસ, મીઠું, તેલ, બર્ગર તૈયાર કરવા:બર્ગરબન, કોબીજના પાન, ટમેટા, ડુંગળી, બટર, કેચઅપ, મેયોનીઝ, ચીઝ સ્લાઈસ એટલુ જોઈએ જેને બનાવવાની રીતની વાત કરીએ તો આલુ ટિક્કી બનાવવા માટે સૌ પ્રથમ એક બાઉલમાં તેલ સિવાયની બધી સામગ્રી લઈ મિક્સ કરી લો. પછી એક ડીશમાં બ્રેડ ક્રમ્સને લો. બનાવેલા મિશ્રણમાંથી આલુ ટિક્કી બનાવી બાકી બ્રેડ ક્રમ્સમાં રગદોળીને શેલો ફ્રાય કરી લો. ત્યારબાદ બર્ગર બનને વચ્ચેથી કાપી અંદર બટર લગાવી પેનમાં શેકી લો.

પછી તેના એક ભાગ પર કેચઅપ લગાવી દો. તેના ઉપર કોબીજના પાન અને આલુ ટિક્કી મુકો. ત્યારબાદ તેની ઉપર મેયોનિઝ સ્પ્રેડ કરો. તેના ઉપર ૨ ટમેટાની સ્લાઈસ અને ડુંગળીની સ્લાઈડસ મુકો. તેની ઉપર ચીઝ સ્લાઈસ મુકી બનનો બીજો ભાગ મુકી સર્વ કરો. તો તૈયાર છે આલુ ટિક્કી બર્ગર. આમ બર્ગર એક શાકાહારી ખોરાક છે. અને બાળકોમાં ઝડપથી પ્રચલીત બન્યો છે. જો કે આરોગ્ય નિષ્ણાંતો તેના ઓછા સેવન માટેની સલાહ આપે છે પરંતુ બાળકો અને શહેરી વિસ્તારના યુવાનોમાં આ બર્ગર પ્રીય ખોરાક તરીકે પ્રચલીત બન્યો છે. આ દિવસની કોઇ ઉજવણીનો ઈતિહાસ નથી પરંતુ જેને બર્ગર પ્રીય છે તેના માટે આજનો દિવસ ખાસ છે. જો કે ભારતમાં તે ધીમેધીમે બહુ બધા સ્થળોએ મળતો થયો છે પરંતુ વિદેશમાં તેની ડિમાન્ડ વધુ છે. ઘણા લોકો વિદેશી દાબેલી તરીકેની ઉપમાં તેને આપેલી છે.

# ભારત બંધની અસર કચ્છમાં નહીં, ભુજ-રાપરમાં આવેદનપત્ર અપાયું

**સુપ્રીમ કોર્ટ દ્વારા SC,ST અનામત માં પેટા સંશોધન અંગે ના ચુકાદા સામે સમગ્ર ભારતમાં બહુજન સંગઠનો દ્વારા ભારત બંધનુ એલાન કરવામાં આવ્યુ હતુ ત્યારે આજે કચ્છમાં બંધની નહીવત અસર જોવા મળી હતી જો કે ભુજ-રાપરમાં આવેદનપત્ર આપી ચુકાદાને વખોડાયો હતો**







ભુજ તા.૨૧

સુપ્રીમ કોર્ટ દ્વારા SC,ST અનામત માં પેટા સંશોધન અંગે ના ચુકાદા સામે સમગ્ર ભારતમાં રાજકીય પાર્ટીઓમાં અલગ-અલગ સુર જોવા મળી રહ્યા છે કેન્દ્ર સરકારના વડાપ્રધાને આ ચુકાદા બાદ આવા કોઇ નિર્ણયમા સુધારા માટે સરકાર ન વિચારતી હોવાની પણ સ્પષ્ટતા કરાઇ છે જો કે તે વચ્ચે બહુજન સંગઠનો દ્વારા આજે આ નિર્ણયના વિરોધમાં બંધનુ એલાન આપવામાં આવ્યુ હતુ જેની અસર કચ્છમાં જોવા મળી ન હતી જો કે કચ્છના વિવિધ સંગઠનો દ્વારા રાપર તથા ભુજમાં આવેદનપત્ર સાથે પ્રતિક વિરોધ સાથે પોતાની વાત રજુ કરાઇ હતી.

ગઈકાલે બંધના એલાનને પગલે કચ્છ જીલ્લા અનુસુચિત જાતી-જનજાતી સમાજના નેજા હેઠળ ભુજમાં કલેકટર મારફતે રાષ્ટ્રપતિને આ અંગે રજુઆત કરી આ ચુકાદો રદ કરવાની માંગ કરાઇ હતી જેમાં આગેવાનો જોડાયા હતા કચ્છ જિલ્લામાં તમામ વેપારી મંડળ ના મિત્રો એ સ્વેરછાએ બંધ પાળવા અપીલ પણ કરવામાં આવી હતી પરંતુ તેને ક્યાક સમર્થન ન મળ્યુ હોવાનુ દેખાયુ હતુ આજે કચ્છ જિલ્લા કલેકટર મારફતે મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી મતી દ્રોપદી મૂર્મુજી ને સંબોધી ને આવેદનપત્ર પાઠવાયુ હતુ જેમા તમામ બહુજન સંગઠનો ના આગેવાનો, સામાજિક તેમજ રાજકીય આગેવાનો, મહિલાઓ યુવાનો મોટી સંખ્યામાં જોડ-ાવા અપિલ પણ કરાઇ હતી. ભુજ બસ સ્ટેશન પાસે સમસ્ત કચ્છ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ સમાજ માંથી સામાજિક કાર્યકર નરેશ મહેશ્વરી, રમેશ ફુલીયા,રાજુભાઈ દાફડા, દેવા મૂળનિવાસી,સંજુ ભોઇયા, ધિરજ ધૂવા, જાકબ જત સહિત ના આગેવાનો ભારત બંધ માં જોડાઇ વેપારીઓને બંધ રાખવા અપિલ કરવા સાથે થોડા સમય માટે બંધને સમર્થન માટે વિરોધ પ્રદર્શન કરાયુ હતુ. તો સુપ્રિમના આ ચુકાદાનો રાજય સરકારો અમલવારી ના કરે તેવી રજૂઆત સાથે ડો. આંબેડકર યુવા ગ્રૂપ રાપર દ્વારા તંત્રને આવેદન અપાયું હતું. નવા ચુકાદની અમલવારી બાદ થનારા નુકશાન સાથે કાયદાકીય રીતે તેના વિરોધ માટેના મુદ્દાઓ રજુ કરી આ આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.

ભારત બંધના એલાનને પગલે કચ્છમાં પણ કેટ-લાક સ્થળે વિરોધ કરાયો હતો ત્યારે બાબા સાહેબ સર્કેલ ખાતે બી આર આંબેડકર પ્રતિમા સંઘર્ષ સમિતિ દ્વારા ભારત બંધના એલાન ને સમર્થન મા અલગ અલગ આંબેડકર વાદી સંસ્થાઓ સાથે જોડાઈ ને સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદા વિરુદ્ધ નારે બાજી કરી અને રેલી સ્વરૂપે ઝંડાચોક ખાતે અલગ અલગ વક્તાઓ દ્વારા આ બનાવ ને વખોડવામાં આવ્યો હતો અને ત્યાર બાદ મામલતદાર ઓફિસે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ આ પ્રસંગે બી.ટી મહેશ્વરી,નારણ ગરવા, ભરત સોલંકી, માલસી પરમાર વગેરે જોડાયા હતા.

# શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ માટે કચ્છના ૨૬ શિક્ષકોના નામની જાહેરાત

**રાજ્ય-જિલ્લા અને તાલુકા કક્ષાના પ્રાથમિક, માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક શ્રેષ્ઠ એવોર્ડ વિજેતા ૨૬ શિક્ષકો જાહેર કરવામાં આવ્યા ૫ મી સપ્ટેમ્બરે શિક્ષક દિને સન્માનવામાં આવશે**
















દર વર્ષે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્ય,જિલ્લા અને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષક ને શાળામાં શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી આધારે એવોર્ડ આપવામાં આવે છે. રાજ્ય એવોર્ડ માટે રાજ્યની પસંદગી સમિતિ તથા તાલુકા-જિલ્લા કક્ષા ના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ માટે જિલ્લા શિક્ષણાધિકારીના અધ્યક્ષ સ્થાને પસંદગી સમિતિ દ્વારા તેઓની શ્રેષ્ઠ કામગીરી ને આધારે એવોર્ડ આપવામાં આવે છે. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે રાજ્ય માટે કુલ૯ શિક્ષકોની દરખાસ્ત મળી હતી. તે પૈકી ૩ શિક્ષકો પસંદગી પામ્યા હતા. જ્યારે જિલ્લામાં ૯ દરખાસ્ત પૈકી ૪ અને તાલુકા કુલ ૨૭ દરખાસ્ત પૈકી ૧૯ શિક્ષકો પસંદગી પામ્યા છે કચ્છમા જીલ્લાના ૨૬ શિક્ષકો ને ચાલુ સાલે શ્રેષ્ઠ શિક્ષક તરીકે જાહેર કરવામાં આવ્યા છે.આ શિક્ષકો ને ૫ સપ્ટેમ્બર શિક્ષક દિને જિલ્લાના મહાનુભવોના હસ્તે વિશિષ્ટ સન્માન કરવામાં આવશે. વિશેષ માં પસંદગી પામેલા તમામ શ્રેષ્ઠ શિક્ષકોને જિલ્લાની પસંદગી સમિતિના સભ્યો ડાયટ પ્રાચાર્ય કમલેશ મોતા, જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી ભૂપેન્દ્ર સિંહ વાઘેલા, તથા યુનિવર્સિટના દર્શના ધોળકિયા સહિતના એ અભિનંદન આપી ઉત્તરોતર પ્રગતિ કરવા શુભેચ્છા આપી હતી ૫ મી સપ્ટેમ્બર ના રાજ્યના વિજેતાઓ ને ૫૧૦૦૦ પુરસ્કાર રાજ્યપાલના હસ્તે તથા જિલ્લાના વિજેતાઓને ૧૫૦૦૦ તથા તાલુકા કક્ષાના વિજેતાઓને ૫૦૦૦ રોકડ પુરસ્કાર આપી જિલ્લાના મહાનુભવોના હસ્તે વિશિષ્ટ સન્માન કરવામાં આવશે એવું જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે વધુમાં વધુમાં ઉમેર્યું હતું.

**રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોમાં ડાકી દિનેશ લક્ષ્મણભાઇ, એમ.એસ.વી હાઇસ્કુલ, માધાપાર, પંડયા હંસાબેન મણિશંકર, ખી.રા કન્યા વિદ્યાલય, માંડવી તથા રબારી લાખા જેઠાભાઇ, ગાયત્રી નગર પ્રાથમીક શાળા, ભચાઉનો સમાવેશ થાય છે. જ્યારે જીલ્લામાં રાઠોડ અનીલ કોદરભાઇ, બંધડી પ્રાથમીક શાળા ભચાઉ, ગોહીલ પ્રતાપ બચુભાઇ, વી.ડી હાઇસ્કુલ ભુજ, શ્રીવાસ્તવ સંજયશરણ રાજનારાયણ, એસ.એસ. હાઇસ્કુલ મોથાળા તથા ગોર ચેતના વિજયભાઇનો સમાવેશ થાય છે.**

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# કંડલા ઝોનમાં કસ્ટમનો હેડ કોનસ્ટેબલ ૩,૦૦૦ની લાંચમા પકડાયો



**કંડલા સ્પેશીયલ ઈકોનોમીક ઝોનના ઓલ્ડ ગેટ પ્રવેશ દ્વાર પાસે એસીબીએ છટકુ ગોઠવી લાંચ લેતા ઝડપ્યો પ્રવેશગેટ થી અવરજવર કરવા દેવા અને હેરાનગતી નહી કરવા માંગી હતી લાંચ**

ભુજ તા.૨૧

સરકારના અનેક દાવાઓ વચ્ચે ભ્રષ્ટાચાર આજે દરેક વિભાગમા પ્રવેશી ગયો છે જો કે રાજ્યનુ એન્ટી કરપ્સન બ્યુરો આવા મામલે સતર્ક છે ત્યારે પુર્વ કચ્છના ગાંધીધામમાંથી લાંચ લેતા , કસ્ટમ વિભાગનો હેડ કોનસ્ટેબલ લાંચ લેતા એસીબીના હાથે ઝડપાઇ ગયો છે.આરોપી ઈશાક અબ્દુલકરીમ સમા, હેડ કોનસ્ટેબલ તરીકે કંડલા સ્પેશિયલ ઈકોનોમીક ઝોન કસ્ટમ વિભાગમાં ફરજ બજાવે છે. આ મામલે ફરિયાદી કંડલા ખાતે ખાનગી કંપનીમાં લેબર મેન્જમેન્ટ નું કામ કરે છે. અને આ લાંચમા જે ઝડપાયો છે. તે ફરીયાદીની કંપનીના મજૂરો ને કંડલા સ્પેશીયલ ઈકોનોમીક ઝોનના પ્રવેશગેટ થી અવરજવર કરવા દેવા અને હેરાનગતી નહી કરવા માટે રૂ ૩,૦૦૦/- ની ગેરકાયદેસર લાંચની માંગણી કરી હતી. ફરિયાદીનાઓએ ગાંધીધામ એસીબીનો સંપર્ક કર્યો હતો જે આધાર એસીબીએ ગોઠવેલ લાંચના છટકા દરમ્યાન આરોપીએ ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી રૂ.૩,૦૦૦/- ની ગેરકાયદેસર લાંચની માંગણી કરી રૂ.૩,૦૦૦/- લાંચના નાણાં સ્વીકારતા ઝડપાઇ ગયો હતો પોતાના રાજ્ય સેવક તરીકેનાં હોદ્દાનો દુરઉપયોગ કરી લાંચ લેતા ઝડપાયેલા આરોપીને પકડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બોર્ડરવિભાગના મદદનીશ નિયામક કે.એચ.ગોહિલના સુપરવિઝન હેઠળ ગાંધીધામ એસીબીના પોલીસ ઈન્સપે. ટી.એચ.પટેલે આ સફળ કામગીરી કરી હતી. જો કે આવી ફરીયાદો કસ્ટમ વિભાગના અધિકારીઓ સામે મુન્દ્રામાં થોડા સમય પહેલા ઉઠી હતી અને દરેક કામ માટે કસ્ટમ ઓફીસમાં પ્રસાદ ધરાવવો પડે છે તેવા ગંભીર આક્ષેપોની લેખીત ફરીયાદ પણ થઈ હતી પરંતુ તેમાં કોઇ કાર્યવાહી થઇ ન હતી જો કે એસીબીએ કંડલા ઝોન પર સફળ કામગીરી કરી હતી.

# મુન્દ્રા સુખપર વાસ નજીક નદીમાં થતી ખનીજ ચોરી બંધ થશે ?



મુન્દ્રા તા.૨૧

નગરના સુખપર વાસ નજીક આવેલ કેવડી નદીના વરસાદી પાણી ભરાયેલા ઊંડા ખાડામાં સુખપર વાસમાં રહેતા બે બાળકો ઊંડા ખાડા માં પાણીમાં ડૂબી જતા કરુણ મોતના બનાવ પછી આજે મુન્દ્રા કોંગ્રેસે બંને હતભાગી બાળકોના પરિવારજનોને મુખ્ય મંત્રી રાહત ફંડમાંથી બંને વધુ માં વધુ સહાય મળે, તેમજ આ વિસ્તારમાં થતી બેફામ ખનીજ ચોરી અટકાવવા ખનીજ માફિયાઓ સામે ગુનો નોંધી કડક કાર્યવાહી કરવા મામલતદારને આવેદન પત્ર પાઠવી માંગ કરી હતી.

આવેદનપત્રમાં કરાયેલ રજૂઆત મુજબ મોટા પાયે રેતીના કારણે નદીમાં મસ મોટા ખાડાઓ પડી ગયા છે અને વરસાદના કારણે પાણી ભરાયેલા છે તેથી હજુ પણ અકસ્માત થવાની શક્યતા નકારી શકાય નહીં. સુખપર વાસના સલીમ પટેલે જણાવ્યું હતું કે આ વરસાદી પાણી ભરાયેલા ઊંડા ખાડાએ અમારા વાસના બે બાળકોનો ભોગ લીધો છે. મુન્દ્રા કોંગ્રેસના વિરમ ગઢવી, ઈમરાન જત, દેવેન્દ્રસિંહ જાડેજા, અનુભા ખત્રી, મીઠુ મહેશ્વરી, નવીન ફફલ, જાવેદ પઠાણ, કાનજી સોંધરા,ભરત પાતારીયા, હરેશ મોથારીયા,ભગુભા જાડેજા વગેરે રજૂઆતમાં જોડાયા હતા.

# કચ્છમાં વધુ એક હત્યા : અંજારના ગંગાનાકે સરાજાહેર હત્યાથી ચકચાર !

**કચ્છમાં હત્યા જાણે સામાન્ય વાત થઈ ગઈ છે તેમ છેલ્લા ૩ દિવસથી સતત કચ્છના અલગ-અલગ વિસ્તારમા હત્યાના બનાવો સામે આવી રહ્યા છે. જો કે આજે અંજારમાં થયેલી હત્યાએ તો જાણે કાયદાના લીરેલીરા ઉડાડ્યા હતા.ભરબજારમાં છરી મારી થયેલી આ હત્યા લોકોએ નરી આંખે નિહાળી.પોલીસે આરોપીની ધરપકડ કરી**





કચ્છમાં નજીવી બાબતે હત્યાના બનાવો છેલ્લા ૩ દિવસમાં ચાર સામે આવ્યા છે. પહેલા ગાંધીધામમા પતા રમવાની બાબતે થયેલા ઝઘડામા એક યુવાનની હત્યા અને તેજ દિવસે માધાપરમાં ભાઇના હાથે ભાઇની હત્યાનો મામલો સામે આવ્યો હતો. તો અંજારમાં ગઇકાલે જ એક શ્રમીકની હત્યાનો મામલો સામે આવ્યો હતો જ્યા બીજી તરફ ભુજમાં એરફોર્સ સામે એક યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. જેની તપાસમાં પણ મોબાઇલ માટે યુવકની હત્યા થઇ હોવાનુ પ્રાથમીક તપાસમા સામે આવ્યા બાદ પોલીસે કાર્યવાહી કરી છે.આ બનાવોની તપાસ હજુ પુર્ણ થઇ નથી ત્યા ફરી એક હત્યાની ઘટના સામે આવી છે. અંજારમાં જાહેરમાં એક વ્યક્તિની હત્યા કરી દેવાઇ હતી. સોસીયલ મીડિયામાં ઘટના નો વિડીયો પણ વાયરલ થયો હતો. જેમાં એક યુવક હાથમાં મોટા છરા સાથે એક વ્યક્તિ પર તુટી પડે છે જેને છોડાવવા માટે એક વ્યક્તિ વચ્ચે પડે છે પરંતુ યુવકનુ ઘટનામાં મોત થઇ જાય છે. બનાવ અંજારના લોહારચોક વિસ્તાર, મુખ્ય બજારમાં બન્યો હતો. બપોરે એક્ટીવા પર સાથે આવ્યા બાદ પૈસાની લેતી-દેતી મામલો બન્ને વચ્ચે ઝઘડો થયા બાદ એક યુવકે તેની હત્યા નીપજાવી નાંખી હતી. જો કે અનેક લોકોની વચ્ચે બનેલી આ ઘટનામાં એક વૃધ્ધ વચ્ચે પડતા નજરે પડી રહ્યા છે. જો કે હત્યા નિપજાવ્યા બાદ યુવક ત્યાથી જતો રહે છે. પરંતુ પોલીસ મથકના જવાનો તેને ઝડપી બાઇક પર પોલીસ મથકે લઇ જાય છે. હાથમા છરી સાથે આરોપીને લઇ જતા પોલીસને વિડીયો પણ વાયરલ થયો હતો.અંજાર પોલીસ મથક ના એ.આર.ગોહીલે વિગતો આપતા જણાવ્યુ હતુ કે દેવીપુજક સમાજના બે વ્યક્તિઓ વચ્ચે બુધવારે પૈસાની લેતીદેતી મામલે ઝઘડો થયા બાદ હત્યાનો બનાવ બન્યો હતો પ્રાથમીક તપાસમા બન્ને સાથેજ હતા પરંતુ ઝઘડો થયા બાદ જગદીશ દાતણીયાની છરી વડે હત્યાને આરોપી કાનજી દાતણીયા દ્વારા અંજામ અપાયો હતો. પોલીસે હાલ હત્યા કરનાર આરોપીની ધરપકડ કરી લીધી છે. અંજારમાં ગઇકાલે પણ એક શ્રમીકની હત્યાનો બનાવ સામે આવ્યો હતો ત્યારે અંજારમાં સતત બીજા દિવસે હત્યાનો બીજો બનાવ સામે આવતા અનેક સવાલો ઉભા થઇ રહ્યા છે. હત્યાનો લાઇવ વિડીયો સોસીયલ મીડિયામાં ભારે વાયરલ થયો હતો. કચ્છમાં કાયદો વ્યવસ્થા ને પડકાફ ફેકવા સમાન આ કિસ્સા સાથે કચ્છમાં ત્રણ દિવસમાં પાંચ હત્યાની ઘટનાથી ચોક્કસથી કચ્છમાં પોલીસની ધાક સામે સવાલો ઉભા થઇ રહ્યા છે. ત્યારે પોલીસે વધુ કડકાઈથી કામ લઇ ધાક બેસાડતી કામગીરી તરફ આવી ઘટનાઓ નિર્દેશ કરે છે. જો કે આ વચ્ચે અંજારમા ગઇકાલે થયેલી શ્રમીક યુવાનની હત્યાનો ભેદ પોલીસ દ્વારા ઉકેલી દેવાયો છે. અને તેની વિશેષ પુછપરછ કરી પોલીસ આ અંગે સત્તાવાર વિગતો જાહેર કરશે. અંજારના ચર્ચાસ્પદ કિસ્સામાં પોલીસે ફરીયાદ નોંધી આરોપીને પકડી વધુ તપાસ હાથ ધરી છે. રૂપીયા ૧૦૦૦૦ ની લેતીદેતી મામલે આ હત્યા થઇ હતી આરોપીને પૈસા આપવા માટે ભોગ બનનાર લઇ ગયો હતો જે બાદ વાતચીત દરમ્યાન મોપેડ પરજ આરોપીએ હુમલો કર્યો હતો.

# કચ્છમાં શ્રાવણી જુગાર ખીલ્યો : ચાર દરોડામાં ૨૫ ઝડપાયા

**કચ્છમાં રોજ જુગારના વિવિધ દરોડો પોલીસ દ્વારા પડાઇ રહ્યા છે જો કે છતાં જુગારીઓ પડ માંડી બેઠા છે ત્યારે મંગળવારથી-બુધવાર વચ્ચે વધુ ૪ દરોડોમાં પોલીસે ૨૫ જુગારીને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. રોજ સરેરાશ ૬ થી વધુ જુગારના પોલીસ દ્વારા દરોડા**







પશ્ચિમ કચ્છ લોકલ ક્રાઇમ બ્રાન્ચ ભુજ પોલીસ ઈન્સ્પે. એસ. એન.ચુડાસમા,સબ ઈન્સ્પેકટર ટી. બી.રબારી દ્વારા જુગારની બદી નેસ્ત નાબૂદ કરવા સ્ટાફને સુચના આપતા એ.એસ.આઇ. દેવજી મહેશ્વરી, પ્રધ્યુમનસિંહ ગોહિલ તથા હેડ કોન્સ્ટેબલ સુરજ વેગડા, રાજદીપસિંહ ગોહિલ કોડાય પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે, નાની ખાખરથી ફરાદી તરફ જતાં રોડ બાજુએ પીયાવા વાડી વિસ્તાર બાજુ આવેલ નદીના પટના કીનારે ખુલ્લામાં અમુક ઈસમો જુગાર રમી રહ્યા છે જેથી વર્કઆઉટ કરી બાતમી વાળી જગ્યાએ જઇ રેઇડ કરતા વનરાજસિંહ જયેન્દ્રસિંહ જાડેજા,જયેન્દ્રસિંહ મનુભા જાડેજા, વિરપાલસિંહ મહેન્દ્રસિંહ ઝાલા (રહે. તમામ નાની ખાખર) પકડાઈ ગયા હતા જ્યારે શૈલેશ છારવા અને જાકબ સમેજા નાશી ગયા હતા. સ્થળ પરથી રોકડા રૂ. ૨૫,૩૦૦, મોબાઇલ ફોન-૩, કી.રૂા.૧૫,૦૦૦, ગંજી પાના નંગ-૫૨ ના મુદામાલ સાથે પકડાયેલ તથા નાશી ગયેલ ઈસમો વિરૂધ્ધ કોડાય પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ગાંધીધામ એ ડીવી.પો.સ્ટે. તથા અંજાર વિસ્તારમાંથી પૂર્વે કચ્છ એલસીબીએ ૧૪ જુગારીઓને બાતમી આધારે ઝડપી પાડ્યા છે. ખાસ ડ્રાઈવ આયોજન અન્વયે એલસીબી પો.ઈન્સપેક્ટર એન. એન.ચુડાસમાની અલગ-અલગ ટીમો ગાંધીધામ તથા અંજાર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન મળેલ બાતમી આધારે એ ડીવીઝન વિસ્તારમાં સોનલ પાર્કીંગ ગળપાદર તથા અંજાર વિસ્તારમાં લુણંગનગર દબડા ખાતે જાહેરમાં ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા ઈસમો ઉપર રેઈડ કરી, ગાંધીધામ વિસ્તારમાંથી નિલેશ મોહન કારવેલા, અમરત બાબુ ગુસાઈ, સંજય સાદુરરામ, અશોક ભીખુનાથ યોગી,નવીન ધના વીરડા(રહે.તમામ ગળપાદર) અને રાજેશ બાબુ ઠક્કર (રહે. આદિપુર) રોકડા રૂ. ૩૪,૮૫૦, તથા મોબાઈલ ફોન નંગ-૬ કિ.રૂ. ૬૦,૦૦૦ સાથે જ્યારે અંજાર વિસ્તારમાંથી નારણ દામજી ઘેડા રહે.ભાદ્રોઈ, મહેશ ઉર્ફે પરેશ ભવાન સુથાર રહે. લુણંગનગર, કાનજી ભાણજી આયડી રહે. મતિયાનગર, શિવજી અરજણ દનીચા રહે. લુણંગનગર, ધવલ હરશી ધુવા રહે.વિજયનગર, મામદશા જમનશા શેખ રહે.અંજાર, કમલેશ હિરજી મહેશ્વરી રહે. મતિયાનગર, હેમરાજ ડાયાલાલ મહેશ્વરી રહે.મફતનગર, ને રોકડા રૂ. ૧૭,૪૫૦, ગંજીપાના નંગ-૫૨ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ભીમાસર ગામની સીમ વિસ્તારમાંથી આડેસર પોલીસે ૮ જુગારીઓ ઝડપી પાડ્યા હતા. આડેસર પોલીસ સ્ટેશનના સબ ઈન્સ.વી.પી.આહીર તથા પોલીસ સ્ટાફના માણસો નાઈટ પેટ્રોલીંગમાં હતા, તે દરમિયાન મળેલ બાતમી આધારે ભીમાસર ગામ પાસે સીમ વીસ્તારમાં આવેલ ડાયા ભીમા મકવાણાની વાડીમાંથી જુગાર રમતા ઈસમો મહેન્દ્ર વેલા રવાણી, માધુ બાઉભાઈ બાયડ, દિનેશ કુંભા પરમાર, દિનેશ દેવા સોલંકી, શિવા સામંત મકવાણા, ડાયા ભીખા બાયડ,મહીપત સવા પરમાર,મેહુલ સુજા ઉર્ફે ભુદાભાઈ ગોહીલ,(રહે. તમામ ભીમાસર તા.રાપર) ને પકડી પાડી આડેસર પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા ની કલમ તળે ગુનો રજીસ્ટર્ડ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, એક આરોપી ડાયા ભીમા મકવાણા રહે.ભીમાસર નાશી ગયો હતો. સ્થળ પરથી રોકડા રૂપિયા ૨૩,૩૦૦ મોબાઈલ ફોન-૨ રૂ.૧૦,૦૦૦ તથા વાહન-૨ ૩,૫૦,૦૦૦, ગંજી પાના નંગ-૫૨ હસ્તગત કરાયા હતા. આ કામગીરી સબ ઈન્સપેક્ટર વી.પી. આહીર, તથા આડેસર પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# પોલીસે તડીપાર કરેલ ખારીરોહરનો ઈસમ ગામમાં દેખાયો



ગાંધીધામ તા.૨૦

ખારી રોહરનો ચાર જીલ્લા માંથી તડીપાર થયેલ ઈસમ ખારી રોહરમાં દેખાતાં તેને ફરી પકડી પાડી ગાંધીધામ બી ડીવીઝન પોલીસ દ્વારા કાર્યવાહી કરાઈ હતી. મુસા ઉર્ફે વાદિડો નુરમામદ ભટ્ટી (રહે ખારી રોહર)ને ત્રણ માસ અગાઉ સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ અંજાર દ્વારા તા૦૨/૦૫/૨૦૨૪ ના હુકમથી કચ્છ, પાટણ, સુરેન્દ્રનગર તથા મોરબી એમ કુલ ૪ જીલ્લાઓની હદ માંથી એક વર્ષ માટે તડીપાર કરવામાં આવેલ જે ઈસમ દ્વારા કચ્છ જીલ્લાની હદમાં કોઈ પણ સક્ષમ અધિકારીની પુર્વ પરવાનગી વિના પ્રવેશ કરેલ હોઇ તેને મળેલ બાતમી આધારે ખારી રોહર ગામેથી પકડી પાડી તડીપાર હુકમની શરતોનો ભંગ કરવા બદલ કાયદેસરની કાર્યવાહી કરવામા આવી હતી.

આ કામગીરી ગાંધીધામ બી ડીવીઝન પોલીસ ઈન્સ. એસ. વી.ગોજીયા, સબ ઈન્સ.એલ. એન.વાઢીયા અને સર્વેલન્સ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.